# સંસ્કાર સોપાન - ૧

(પ્રાર્થના - પ્રેરણાગીતો - રાષ્ટ્રભક્તિ)



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી - ગાંધીનગર

સાહિત્યમાં રસ ધરાવતાં આપણાં તરુણ સ્ત્રીપુરુષો અંગ્રેજી ભાષા તેમજ બીજી વિશ્વ ભાષાઓ પેટ ભરીને શીખે એમ હું ઇચ્છું છું અને પછી તેઓ જગદીશચંદ્ર બોઝ, પ્રફુલ્લચંદ્ર રોય અને કવિવર રવીન્દ્રનાથ ટાગોરની પેઠે પોતાના અભ્યાસનો લાભ હિંદને તથા દુનિયાને આપે એવી તેમની પાસેથી અપેક્ષા રાખું.

- *ગાંધીજી*





માર મારવાથી ગધેડો ઘોડાના રૂપમાં ફેરવાઈ જશે એવી સલાહ મળવાથી જે માણસે પોતાના ગધેડાને ટીપી નાખ્યો તેની રીત પ્રમાણે આપણા બાળકોને કેળવવા મથતી કેળવણી પદ્ધતિ રદ થવી જોઈએ. માતાપિતાની અયોગ્ય જોહુકમીને કારણે આપણાં બાળકોને આત્મવિકાસ માટે મુક્ત અવકાશ સાંપડતો નથી. મનુષ્યમાત્રમાં અપાર મનોવૃત્તિઓ પડેલી હોય છે; તેમને પોતાની તૃપ્તિ માટે સમુચિત અવકાશની જરૂર રહે છે. મનુષ્યને સુધારવાના બળજબરીથી થતા પ્રયાસો હંમેશાં એવી સુધારણાને પાછી ધકેલી દેવામાં જ પરિણમે છે. જો તમે કોઈ મનુષ્યને સિંહ થવા દેશો નહીં, તો પછી એ શિયાળ બની જવાનો છે.

તમારા મગજમાં ઠાંસેલી અને જીવનભર વણપચી રહીને કાળો કેર વરતાવતી માહિતીનો સંચય એટલે કેળવણી નહીં. જીવનનું ઘડતર કરે, મનુષ્યને મર્દ બનાવે, તેનો ચારિત્ર્યવિકાસ કરે, એવા વિચાર-વાચનની આપણને જરૂર છે. આપણે તો એવી કેળવણીની જરૂર છે કે જેના વડે આપણા ચારિત્ર્યનું ઘડતર થાય, મનની શક્તિમાં વૃદ્ધિ થાય, આપણી બુદ્ધિનો વિકાસ થાય, આપણે સ્વાવલંબી બનીએ. વિદેશી અંકુશ વિના સ્વતંત્ર રીતે આપણા જ્ઞાનરાશિની જુદી જુદી શાખાના અને તે સાથે પશ્ચિમી વિજ્ઞાન અને અંગ્રેજી ભાષાના શિક્ષણની આપણને જરૂર છે. યાંત્રિક શિક્ષણ તેમ જ જે કંઈ આપણા ઉદ્યોગોને ખીલવે તે જાતના અભ્યાસક્રમની આપણને જરૂર છે, જેથી નોકરી માટે ઘર ઘરના ઉંબરા ઘસવાને બદલે માણસ પોતાના જીવનનિર્વાહ માટે પૂરતી કમાણી કરે અને ભવિષ્યની આપત્તિ માટે પણ બચત કરે. કેળવણી માત્રનો ઉદ્દેશ મનુષ્યને ખરો મનુષ્ય બનાવવાનો જ હોઈ શકે. માનવને એના વિકાસને પંથે ચડાવવો એ જ કેળવણીનું અંતિમ લક્ષ્ય છે.

- *સ્વામી વિવેકાનંદ*

# સંસ્કાર સોપાન-૧

## (પ્રાર્થના - પ્રેરણાગીતો - રાષ્ટ્રભક્તિ)



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી - ગાંધીનગર

# પ્રતિજ્ઞા

ભારત મારો દેશ છે.

બધાં ભારતીયો મારાં ભાઈબહેન છે.

હું મારા દેશને ચાહું છું

અને તેના સમૃદ્ધ અને વૈવિધ્યપૂર્ણ વારસાનો મને ગર્વ છે.

હું સદાય તેને લાયક બનવા પ્રયત્ન કરીશ.

હું મારાં માતાપિતા, શિક્ષકો

અને વડીલો પ્રત્યે આદર રાખીશ

અને દરેક જણ સાથે સભ્યતાથી વર્તીશ.

હું મારા દેશ અને દેશબાંધવોને મારી નિષ્ઠા અર્પું છું,

તેમનાં કલ્યાણ અને સમૃદ્ધિમાં જ મારું સુખ રહ્યું છે.

# સંસ્કારસોપાન-૧

## (પ્રાર્થના-પ્રેરણાગીતો-રાષ્ટ્રભક્તિ)

સંકલન અને સંપાદન

શ્રી નરસિંહભાઈ કે. પટેલ
ચેરમેન
હાયર એજ્યુકેશન
સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી-ગાંધીનગર

પ્રકાશક

શ્રી માણેકલાલ એમ. પટેલ
ચેરમેન
સર્વ વિદ્યાલય કેળવણી મંડળ
કડી-ગાંધીનગર

પ્રકાશન

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી-ગાંધીનગર

**સંસ્કારસોપાન-૧**

**Sanskar Sopan-1**

**પહેલી આવૃત્તિ :**
૧૫ ઓગસ્ટ ૨૦૦૩

**પ્રત :** ૨૦૦૦

**કિંમત :** રૂ. ૩૦-૦૦

**પ્રકાશન :**
**શ્રી માણેકલાલ એમ. પટેલ**
**ચેરમેન, સર્વ વિદ્યાલય કેળવણી મંડળ**
કડી-ગાંધીનગર

**મુદ્રક :**
**દર્શન પ્રેસ**
**નયન પટેલ**
૦૨, 'કલિંગ' કોમ્પ્લેક્ષ, માઉન્ટ કાર્મેલ સ્કૂલ પાસે, બાટા શૉ-રૂમ પાછળ,
આશ્રમ રોડ, અમદાવાદ-૯ ● ફોન : ૬૫૮૪૯૬૩



## આમુખ

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ - [કડી-ગાંધીનગર]નું મુખ્ય ધ્યેય શિક્ષણ દ્વારા એક પ્રગતિમય અને સમૃદ્ધ સમાજનું નિર્માણ કરવાનું છે. આ ઉદ્દેશ માટે સંસ્થા છેલ્લાં એંશી વર્ષથી યુવાન પેઢીનું સંસ્કાર ઘડતર કરવામાં નોંધપાત્ર ફાળો આપી રહી છે. આવતી યુવા પેઢી માત્ર આર્થિક રીતે સમૃદ્ધ થાય એવી જ અમારી એકમાત્ર નેમ નથી. યુવકો આર્થિક રીતે સમૃદ્ધ બને અને રાષ્ટ્રને સમૃદ્ધ બનાવે, ઉમદા ચરિત્રનું નિર્માણ થાય, સદાચાર અને સંસ્કારનું ઘડતર થાય. જીવન સુશિક્ષિત બનાવી, યશસ્વી કારકિર્દી બનાવે. પ્રગતિમય અને સમૃદ્ધ જીવન જીવે. નીતિ-મૂલ્યોનું જતન કરી, કુટુંબ, સંસ્થા અને રાષ્ટ્રનાં શાન અને ગૌરવ વધારે. ઉત્તમ નાગરિક બની. એક ધબકતા, પ્રગતિશીલ અને નિત્યનૂતન સમાજનું નિર્માણ કરે એ જોવાનું પણ અમારું સ્વપ્ન છે.

આ સ્વપ્નની સિદ્ધિ અર્થે અમે કેટલુંક સાહિત્ય પ્રગટ કરવાનો સંકલ્પ કર્યો છે. આ સાહિત્ય ઉચ્ચ શ્રેણીના અભ્યાસ સાથે સાથે વિદ્યાર્થીઓના વ્યક્તિત્વનો વિકાસ કરે, એમનામાં રહેલી સુષુપ્ત શક્તિઓને બહાર લાવે, તેઓ એક જવાબદાર નાગરિક બને અને રાષ્ટ્રના અદના સેવકો બને એ માટેનું હોય. આવા સાહિત્યથી વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસનું સિંચન થાય, એમને કેટલુંક મૂલ્યનિષ્ઠ વાચન મળે અને એ સામગ્રીથી સંસ્કાર અને સંસ્કૃતિનો પણ વિકાસ થાય.

આવા શુભ ઉદ્દેશને નજર સામે રાખી ચાલુ શૈક્ષણિક વર્ષથી કેટલીક પુસ્તિકાઓ તૈયાર કરવાનો આરંભ કર્યો છે. આ પુસ્તિકાઓ 'સંસ્કાર-સોપાન'ની શ્રેણી તરીકે ક્રમશઃ પ્રકાશિત થશે. ઉન્નતિનાં શિખરો સર કરતાં પૂર્વે આપણે કેટલાંય પગથિયાં પાર કરવાનાં હોય છે. કોઈને સીડીનું ઉપરનું છેલ્લું સોપાન બતાવી દેવાથી એ શિખરે

પહોંચશે નહીં. એને તો ક્રમશઃ સોપાનો બતાવતા જઈ એને કયા સોપાને પહોંચવાનું છે, એનું જ આપણે તો માર્ગદર્શન આપવાનું છે. આપણા સાહિત્યભંડારમાંથી પ્રેરક સામગ્રી પસંદ કરી અહીં એ સામગ્રી પીરસવાનો પુરુષાર્થ કર્યો છે. એમાં પ્રભુપ્રાર્થનાઓ, પ્રેરણાગીતો, રાષ્ટ્રભાવને લગતાં કાવ્યો, ગીતા-ઉપનિષદની પ્રેરક વાણી જેવી ઘણી સામગ્રી સંકલિત કરી છે.

સંસ્કાર-સોપાનની પહેલી પુસ્તિકા પ્રગટ કરી રહ્યા છીએ ત્યારે એ અંગે બે શબ્દો કહ્યા વગર રહી શકાતું નથી. આ પુસ્તિકાના પ્રથમ વિભાગમાં કેટલીક જાણીતી પ્રાર્થનાઓ છે. એમાંથી વિદ્યાર્થીઓને ઉપનિષદો, વેદો પ્રત્યે ભાવ જાગે એવું ઘણુંબધું છે.

બીજા વિભાગમાં પ્રેરક સાહિત્ય છે. એમાં જીવનને સફળ બનાવવાની ઘણીબધી ગુરુચાવીઓ મળશે. જ્યારે ત્રીજા વિભાગમાં રાષ્ટ્રગીતો છે, જે બલિદાન, સ્વાર્પણ, ખુમારી, ટેક આદિના પાઠો ભણાવશે.

ટી.વી.નાં દૂષણોથી જ્યારે આજનાં યુવક-યુવતીઓનાં મન દૂષિત અને વિકૃત બની રહ્યાં છે અને સમાજ અધોગતિની ગર્તામાં ધકેલાઈ રહ્યો છે ત્યારે ચારિત્ર્યનિર્માણ કરે એવું સાહિત્ય એમના હાથમાં મુકાવું જોઈએ. સાથે જાગૃત વાલીઓ દિવસમાં માત્ર પંદર-વીસ મિનિટ પોતાનાં સંતાનો માટે ફાળવે એ પણ એટલું જ જરૂરી છે. આ સંદર્ભમાં રાષ્ટ્રીય શાયર સ્વ. ઝવેરચંદ મેઘાણીના સુપુત્ર અને સર્વ વિદ્યાલય કડીના પૂર્વવિદ્યાર્થી - શ્રી મહેન્દ્રભાઈ મેઘાણીનો પુરુષાર્થ ઉલ્લેખનીય છે. તેઓ ગામડે-ગામડે અને શાળાએ-શાળાએ જઈ કેટલુંક આદર્શ સાહિત્ય વાંચે છે. અમેરિકામાં પણ 'Read Aloud'ના અભિગમ સાથેની કેટલીક 'વાચન-ચળવળ' શરૂ થઈ છે તેના પ્રણેતા જિમટ્રેલિઝ છે.

ચળવળને કારણે બાળકોમાં વાચનથી શ્રવણક્ષમતા, શબ્દભંડોળ વધ્યાં, વાંચન અભિમુખ થયાં. સંકોચ દૂર થયો. લઘુતાગ્રંથિ દૂર થઈ. વાંચવા વિચારવાની પણ એક કળા છે.



નિત્ય વાચન માટેની આ નૂતન સામગ્રી વિદ્યાર્થીઓમાં આત્મગૌરવ અને આત્મશ્રદ્ધાની ખુમારી જન્માવશે તો અમને અમારો આ પ્રયત્ન સાર્થક થયેલો જણાશે.

આ પુસ્તક માત્ર વિદ્યાર્થીઓ માટેનું જ નથી. એની વાચનસામગ્રી વાલીઓ અને અન્ય વાચનોત્સુકોને પણ ગમશે જ એવી શ્રદ્ધા સાથે.

આ બધામાંથી પ્રેરણા લઈ માબાપ એમનાં સંતાનો સાથે, પ્રગટ થનાર પુસ્તિકામાંથી કેટલાક અંશોનું સહવાચન કરશે તોપણ અમને પરમ સંતોષ થશે.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગર શાખાના મંત્રી ડૉ. મંગુભાઈ પટેલ, પ્રો. ત્રિકમભાઈ પટેલ, પ્રો. જોઈતારામભાઈ પટેલના ભાષાકીય સૂચનો અને યોગ્ય માર્ગદર્શન આપવા માટે હું આભારની લાગણી વ્યક્ત કરું છું. સુંદર મુદ્રણકાર્ય કરવા બદલ દર્શન પ્રેસના શ્રી હરેશભાઈ અને શ્રી નયનભાઈ તથા ખાસ કરીને આ પુસ્તક પ્રકાશનની અનુમતિ આપવા માટે સર્વવિદ્યાલય કેળવણી મંડળના ચેરમેન શ્રી માણેકલાલ એમ. પટેલનો આભાર માનું છું.

મારા આ સંકલનમાં જે લેખકો–કવિઓના પુસ્તકમાંથી મેં જે સાહિત્યનો ઉપયોગ કર્યો છે તેમના પ્રત્યે હૃદયપૂર્વક આભારની લાગણી વ્યક્ત કરું છું.

પરોક્ષ અને પ્રત્યક્ષ રીતે માર્ગદર્શન આપનાર સૌ કોઈનો આભારી છું.

*નરસિંહભાઈ કે. પટેલ*
ચેરમેન
હાયર એજ્યુકેશન
સર્વ વિદ્યાલય કેળવણી મંડળ,
કડી-ગાંધીનગર

## આવકાર

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ ઉત્તર ગુજરાતની એક ખૂબ જ જૂની અને પ્રતિષ્ઠિત શિક્ષણસંસ્થા છે. આ સંસ્થા મૂલ્યનિષ્ઠ કેળવણી આપવાનો ઉદ્દેશ નજર સામે રાખી કાર્યરત છે. સામાન્ય રીતે શાળાઓમાં Formal કે ઔપચારિક શિક્ષણ અપાતું હોય છે. માત્ર અભ્યાસક્રમને જ નજર સામે રાખી એની પરિપૂર્તિ માટે જ શાળાઓ કામ કરતી જણાય છે.

આ સંસ્થા, વિદ્યાર્થીઓ ઉત્તમ શિક્ષણ પામે સાથે સાથે સદાચારી, મહેનતુ, કર્તવ્યનિષ્ઠ, વિનયી અને ઉમદા મૂલ્યોના જતન માટે જ ચારિત્ર્ય-ઘડતર કરે એવી કેળવણી આપવાના નિર્ધાર સાથે શરૂ થયેલી છે. આ નિર્ધાર પૂર્ણ કરવા એ સદાય કટિબદ્ધ રહી છે. અભ્યાસક્રમની સાથે સાથે અભ્યાસેતર પ્રવૃત્તિઓ કરવામાં પણ એણે ક્યારેય પાછી પાની કરી નથી. રાઈબેન લલિતકલા કેન્દ્ર તેનું ઉત્તમ ઉદાહરણ છે. તરુણ અને કિશોર વિદ્યાર્થીઓને એમના ચારિત્ર્યનિર્માણમાં મદદરૂપ બને, એમના આત્મવિશ્વાસમાં બળ પૂરે અને એમના વ્યક્તિત્વવિકાસમાં સહાયક બને એવા સાહિત્યનું સંકલન કરી એને પુસ્તિકારૂપે પ્રગટ કરવાની નેમ પણ રાખી છે.

આ ધ્યેયને પરિપૂર્ણ કરવા સંસ્થાએ 'સંસ્કાર-સોપાન' નામે એક નવતર પ્રકાશન કરવાનો નિર્ધાર કર્યો છે. પ્રગટ થનાર પુસ્તિકાઓમાં વિદ્યાર્થીઓને વ્યક્તિત્વ ઘડતરનું ભાથું મળી રહે; એ જીવનસંસ્કારોનું સિંચન પામે, સદાચારી, મહેનતુ, વિવેકી બને અને જીવનને સાફલ્ય અર્પે એવું વૈવિધ્યસભર અને રાહબર સાહિત્ય પીરસવાનો યથાશક્તિ પ્રયત્ન કર્યો છે. એમાં વિદ્યાર્થી જીવનકલા શીખે અને એ કલા વ્યક્તિત્વઘડતર, સમાજઘડતર, સંસ્કારઘડતર અને રાષ્ટ્રઘડતર માટે કેટલીક પાયાની ટેવો પાડે જે એના વ્યક્તિત્વવિકાસમાં, એની સફળતામાં એની પ્રગતિમાં મદદરૂપ બને, સાથે આત્મગૌરવ વધારે એવી પ્રવૃત્તિઓ માટે કર્તવ્યશીલ બને એવી સામગ્રી આપવી છે.

આશા છે કે આ પુસ્તિકામાં પીરસેલી સામગ્રી એના ચારિત્ર્યવિકાસમાં સહાયક બનશે, એનામાં કેટલીક ઉમદા ભાવનાઓનો વિકાસ કરશે અને એક સ્વતંત્ર વિચારશક્તિવાળાં યુવકયુવતીઓનું માનસઘડતર કરશે તો અમને અમારો ઉદ્દેશ સાર્થક થયો જણાશે.

સેક્ટર-૨૩
ગાંધીનગર

*માણેકલાલ એમ. પટેલ*
ચેરમેન
સર્વવિદ્યાલય કેળવણી મંડળ
કડી-ગાંધીનગર



## અનુક્રમ

| પાન નં. | વિગત |
|---|---|
| | **વિભાગ - ૧** |
| | **પ્રાર્થના** |
| ૧૧. | પ્રાર્થનાનો મહિમા |
| ૧૨. | પ્રાર્થનાનો મર્મ |
| ૧૩. | પ્રાર્થનાનું રહસ્ય |
| ૧૪. | પ્રાર્થના |
| ૧૫. | દૈનિક પ્રાર્થના |
| ૨૧. | ગાયત્રી-મંત્ર |
| ૨૨. | બાળકોની નિત્ય પ્રાર્થના |
| ૨૩. | હે મા શારદા! |
| ૨૪. | નમું છું, વંદું છું |
| ૨૫. | પ્રેમળ જ્યોતિ |
| ૨૬. | હે જગત્રાતા, વિશ્વવિધાતા! |
| ૨૭. | ચિનગારી માટે યાચના |
| ૨૮. | અહો, દેવના દેવ |
| ૨૯. | વૈષ્ણવજન તો તેને રે કહીએ |
| ૩૦. | વહ શક્તિ હમેં દો |
| ૩૧. | વિશ્વેશ છો સકળ |
| ૩૨. | મંગલ મંદિર ખોલો |
| ૩૨. | અમે નાનાં બાળ |
| ૩૩. | ઈશ્વરનું ભજન |
| ૩૩. | ઇતની શક્તિ હમેં દેના |
| ૩૪. | ઓ ઈશ્વર! ભજીએ તને |
| ૩૪. | અંતર મમ... |
| ૩૫. | જ્યોત સે જ્યોત |
| ૩૬. | પરમેશ્વર કેવા હશે? |
| ૩૬. | સૃજેલાં શ્રીપ્રભુજીએ |
| ૩૭. | વણમાગ્યું તેં ઘણું દીધું છે |
| ૩૭. | ધૂન |
| ૩૮. | નિદ્રા મહીં નહિ હતું તન-ભાન જ્યારે |
| ૩૯. | જેના ઘરમાં ભક્તિ-જ્ઞાન, એ ઘર આવે છે ભગવાન |
| ૩૯. | સર્વધર્મ પ્રાર્થના |
| ૪૦. | મેરુ તો ડગે પણ જેનાં મન ના ડગે રે |
| ૪૧ | તે મને શીખવ |
| ૪૨. | રિદ્ધિ દે, સિદ્ધિ દે. |
| ૪૨. | આપણું જીવનકાર્ય : પરમાર્થ |
| | **વિભાગ - ૨** |
| | **પ્રેરણાગીતો** |
| ૪૫. | અગિયાર મહાવ્રત |
| ૪૫. | ઊઠ જાગ મુસાફિર ! ભોર ભઈ |
| ૪૬. | ગુજારે જે શિરે તારે |
| ૪૭. | ઉઘાડી રાખજો બારી |
| ૪૮. | જીવનને વહેતું રાખજે |
| ૪૯. | સ્વાધ્યાય મારે કરવો છે |
| ૫૦. | કર્મનો મહિમા |
| ૫૧. | હરિનાં લોચનિયાં |
| ૫૩. | એજી તારા આંગણિયે |

| પાન નં. | વિગત |
|---|---|
| ૫૪. | રાખનાં રમકડાં |
| ૫૫. | નિશાળિયાને શિખામણ |
| ૫૫. | પિંજરે કે પંછી રે... તેરા દર્દ ન જાને કોય |
| ૫૬. | પ્રેમનું ગાણું ગાશું રે સઘળે |
| ૫૭. | દિલને વિશાળ તું બનાવ |
| ૫૮. | અભિલાષા |
| ૫૮. | કાગડાની ચતુરાઈ વિષે |
| ૫૯. | કોડિયું |
| ૬૦. | ચોખ્ખાઈ |
| ૬૦. | ચોરી વિષે |
| ૬૦. | જૂઠ અને સાચ વિષે |
| ૬૧. | થોડું થોડું ભણવા વિષે |
| ૬૧. | ફૂલ અને કાંટા |
| ૬૨. | માબાપની સેવા વિષે |
| ૬૩. | માબાપને ભૂલશો નહીં |
| ૬૪. | જનનીની જોડ સખી નહિ જડે રે લોલ |
| ૬૫. | સવાર વિષે |
| ૬૬. | ત્રિકાલ-સંધ્યા |
| ૬૭. | નવા વર્ષને ટાણે |
| ૬૮. | આંધળી માનો કાગળ |
| ૬૯. | દેખતા દીકરાનો જવાબ |
| ૭૦. | અલ્લા બેલી |
| ૭૧. | શિક્ષણ ? |
| ૭૨. | આરોગ્ય-ગીત |
| ૭૩. | રાત્રે રોજ વિચારો |
| ૭૪. | અન્યોક્તિ |
| ૭૪. | સાચ વિષે |

| પાન નં. | વિગત |
|---|---|
| **વિભાગ - ૩** | |
| **રાષ્ટ્રભક્તિ - શૌર્ય - બલિદાન** | |
| ૭૭. | જય જય બોલો હિન્દુસ્તાન! |
| ૭૮. | મંત્ર : વન્દે માતરમ્ |
| ૭૯. | સારે જહાં સે અચ્છા હિન્દોસ્તાં હમારા |
| ૮૦. | ભરતભૂમિનું જયગીત |
| ૮૨. | કોની કોની છે ગુજરાત? |
| ૮૩. | ગુજરાતનું ભાવિ ગૌરવ |
| ૮૪. | કદમ બઢાયે જા |
| ૮૫. | હમ હોંગે કામયાબ |
| ૮૬. | એક દિન એવો આવશે |
| ૮૭. | સહુ ચલો જીતવા જંગ |
| ૮૮. | રણનો મારગ |
| ૮૯. | આત્મશ્રદ્ધા |
| ૯૦. | તરુણોનું મનોરાજ્ય |
| ૯૧. | ઘણ રે બોલે ને |
| ૯૪. | પગલાં |
| ૯૫. | પરથમ પરણામ મારા |
| ૯૭. | કસુંબીનો રંગ |
| ૯૮. | શિવાજીનું હાલરડું |
| ૧૦૦. | તલવારનો વારસદાર |
| ૧૦૧. | આઓ બચ્ચોં |
| ૧૦૩. | દેશ તો આઝાદ થાતાં થઈ ગયો |
| ૧૦૪. | કોઈનો લાડકવાયો |
| ૧૦૭. | મારા દેશને જગાડ! |
| ૧૦૮. | અમારો યુગનિર્માણ સત્સંકલ્પ |
| ૧૦૯. | પ્રિય સર્વ વિદ્યાલય સોહે! |
| ૧૧૦. | સર્વ વિદ્યાલય રાજે! |
| ૧૧૧. | હો શત શત પ્રણામ! |




## વિભાગ-૧

# પ્રાર્થના



# પ્રાર્થનાનો મહિમા

બધી પ્રાર્થનાઓનો ભાવ એક જ છે કે આપણે હૃદયમાં ઈશ્વરને વસાવી લેવાના.

જેમ શરીરને માટે ખોરાક આવશ્યક છે તેમ આત્માને માટે પ્રાર્થના. માણસ ખોરાક વિના ઘણા દહાડા ચલાવે, પણ પ્રાર્થના વિના માણસ ક્ષણવાર પણ ન જીવી શકે, ન જીવી શકવું જોઈએ.

જો તમારે વિદ્યાર્થીઓએ શુદ્ધ ચારિત્ર્ય અને ચિત્તશુદ્ધિ ઉપર તમારી કેળવણીનો પાયો નાખવો હોય તો નિત્ય નિયમિત પ્રાતઃકાળે અને સંધ્યાકાળે પ્રાર્થના જેવો સરસ ઉપાય બીજો એકેય નથી.

*- ગાંધીજી*

# પ્રાર્થનાનો મર્મ

પ્રાર્થનાને હું સ્નાંન, ભોજન અને નિદ્રા સાથે સરખાવું છું. એ ત્રણેયની જે ખૂબીઓ છે તે પ્રાર્થનામાં છે. નિદ્રાથી માણસને ઉત્સાહ અને આરામ મળે છે. એવી જ રીતે પ્રાર્થનાથીયે મનને આરામ અને આધ્યાત્મિક ઉત્સાહ મળે છે. ભોજનથી શરીરનું પોષણ થાય છે, પ્રાર્થનાથી મનનું પોષણ થાય છે. સ્નાનથી શરીરની શુદ્ધિ થાય છે તો મનની શુદ્ધિ પ્રાર્થનાથી થાય છે. સ્નાન કરવાથી જેમ શરીર નિર્મળ થાય છે અને પ્રસન્નતા અનુભવાય છે તેમ ભગવાનના ચિંતનથી આધ્યાત્મિક સ્નાન થાય છે અને બહુ પ્રસન્નતાનો અનુભવ થાય છે.

પરમાત્માની મદદ લેવા માટે પ્રાર્થના હોય છે. આપણે ઈશ્વર સામે ઊભા થઈ જઈએ છીએ અને આપણા દિલના દરવાજા ખોલી દઈએ છીએ, કે જેથી એ અંદર આવી શકે. આને માટે જ પ્રાર્થના છે. પ્રાર્થના તો હૃદયથી જ કરવાની હોય છે.

આપણે ભગવાનને શરણે આવ્યા છીએ એ ભાવ પ્રાર્થનામાં હોવો જોઈએ. આપણે ભગવાનને શરણે જઈએ છીએ તો હૃદય શુદ્ધ થાય છે, થાક ઊતરી જાય છે અને નવી શક્તિ, નવી સ્ફૂર્તિ, નવો સંકલ્પ મળે છે.

પ્રાર્થનાને આપણે 'સમત્વયુક્ત કર્મયોગ'માં પ્રગટ કરવા માગીએ છીએ. પ્રાર્થનાની અસર આપણાં દિવસભરનાં કામો પર પડશે, ને ત્યારે જ પ્રાર્થનાની અસલ શક્તિ પ્રગટ થશે.

*- વિનોબા ભાવે*



# પ્રાર્થનાનું રહસ્ય

■ **પ્રાર્થના એટલે શું?**

લાગણીથી ભીના ભીના થયેલા હૃદયથી આપણા નિકટતમ સ્વજનનું સ્મરણ કરવું એનું નામ પ્રાર્થના.

આપણી ભીતર રહેલા 'પરમાત્મા' કે 'ઈશ્વર'ના નામે જેને ઓળખીએ છીએ એ આપણો નિકટતમ સ્વજન છે.

એટલે પ્રભુનું - પરમાત્માનું સ્મરણ એ પ્રાર્થના. પ્રાર્થના એ ભક્તિ નથી. ભક્તિ પ્રાર્થનાનું માધ્યમ છે. પ્રભુની પ્રાર્થના માટે સાચા હૃદયની શ્રદ્ધાની જરૂર હોય છે. પ્રાર્થના એ હૃદયનો અને મનનો ખોરાક છે અને જીવન-ઉન્નતિનું પ્રથમ ચરણ છે. પ્રાર્થના મનને શાંતિ આપે છે.

પ્રાર્થના મન, વચન અને કર્મથી થાય. સત્યની સાક્ષીએ કરવામાં આવતો પરિશ્રમ એ આપણી પ્રાર્થના જ ગણાય. પ્રાર્થના અને પુરુષાર્થ સમકક્ષ જેવાં છે. ગીતામાં કહ્યું છે કે,

**"કામ કરતો જા, હાંક મારતો જા, મદદ તૈયાર છે."**

એટલે પ્રવૃત્તિ કરતાં કરતાં, પ્રભુને સાથે રાખીએ તો એ પ્રવૃત્તિ પણ પ્રાર્થના બની જાય છે. ફળની ઈચ્છા કે લાલસાથી કરેલી પ્રાર્થના કદી ફળતી નથી.

પ્રાર્થના તો હૃદયની અભિવ્યક્તિ છે. સાચી પ્રાર્થના પ્રેરણા આપે છે અને બળ પૂરું પાડે છે. પ્રાર્થના –

- ❖ વિચારોને સાત્ત્વિક બનાવે છે.
- ❖ વાણીને સંયમિત અને પવિત્ર બનાવે છે.
- ❖ વર્તનને સોના જેવું શુદ્ધ બનાવે છે.
- ❖ જીવનમાં સંવાદ સાધી શાંતિ અને સંતોષ આપે છે.
- ❖ સત્યનું દર્શન કરાવે છે.
- ❖ અહમ્‌ને ઓગાળી જ્ઞાનઝરણું વહાવે છે.
- ❖ આત્માનું પરમાત્મા સાથે મિલન કરાવે છે.

# પ્રાર્થના

પ્રાર્થના

ગુરુત્વાકર્ષણના બળ જેટલી જ

વાસ્તવિક હકીકત છે.

જ્યાં

તર્કબુદ્ધિ પહોંચી ન શકે,

એવા પ્રદેશમાં

પ્રાર્થના આપણને લઈ જાય છે

ને ચમત્કારો સર્જે છે.

તેની ભવ્ય અસરકારકતા

અવર્ણનીય છે.

પ્રત્યક્ષ અનુભવ સિવાય

પ્રાર્થનાની શક્તિ

સમજી શકાય એમ નથી.

માટે જ

રોજેરોજ પ્રાર્થના કરતા રહો.



# દૈનિક પ્રાર્થના

**વક્રતુંડ મહાકાય સૂર્યકોટિસમપ્રભ ।**
**નિર્વિઘ્નં કુરુ મે દેવ સર્વકાર્યેષુ સર્વદા ॥**

**અર્થ :** વાંકા મુખવાળા, વિશાળ શરીરવાળા, કરોડો સૂર્યના પ્રકાશવાળા હે સિદ્ધિવિનાયક ભગવાન! મારાં બધાં શુભ કાર્યો નિર્વિઘ્ને પૂરાં કરવામાં મદદ કરો.

**યા કુન્દેન્દુતુષારહારધવલા યા શુભ્રવસ્ત્રાવૃતા ।**
**યા વીણાવરદંડમંડિતકરા યા શ્વેતપદ્માસના ।**
**યા બ્રહ્માચ્યુતશંકરપ્રભૃતિભિર્દેવૈઃ સદા વંદિતા ।**
**સા માં પાતુ સરસ્વતી ભગવતી નિઃશેષજાડ્યાપહા॥**

**અર્થ :** જે કુન્દ, ચંદ્ર અને બરફના હારના જેવાં ગૌરવર્ણ છે, જેમણે સફેદ કપડાં પહેર્યાં છે, જેમના હાથ વીણાથી સુંદર સુશોભિત છે, જે સફેદ કમળ ઉપર બિરાજમાન છે, જેમની બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ વગેરે સર્વે દેવતાઓ હંમેશાં સ્તુતિ કરે છે, જે તમામ અજ્ઞાન અને જડતાનો નાશ કરે છે એવાં હે દેવી મા સરસ્વતી! મારી રક્ષા કરો.

**ગુરુર્બ્રહ્મા ગુરુર્વિષ્ણુ, ગુરુર્દેવો મહેશ્વરઃ ।**
**ગુરુઃ સાક્ષાત્ પરં બ્રહ્મ તસ્મૈ શ્રીગુરવે નમઃ ॥**

**અર્થ :** ગુરુ એ બ્રહ્મા છે, ગુરુ એ વિષ્ણુ છે, ગુરુ એ મહાદેવ છે, ગુરુ સાક્ષાત્ પરબ્રહ્મ છે. એવા એ ગુરુજીને હું નમસ્કાર કરું છું.

ૐ સહ નાવવતુ । સહ નૌ ભુનક્તુ । સહ વીર્યં કરવાવહૈ ।
તેજસ્વિનાવધીતમસ્તુ । મા વિદ્વિષાવહૈ ।
ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥

**અર્થ :** ઓમ, હે પરમાત્મા! અમારી બન્નેની (ગુરુ અને શિષ્યની), રક્ષા કરો. અમારા બંનેનું પાલન કરે. અમે એકબીજાને મદદરૂપ રહીએ. અમે એકસાથે પુરુષાર્થ કરીએ. અમારી વિદ્યા તેજસ્વી બને. અમે એક-બીજાનો દ્વેષ ના કરીએ (એવું અમારું વર્તન રાખો).

ૐ અસતો મા સદ્ગમય ।
તમસો મા જ્યોતિર્ગમય ।
મૃત્યોર્મા અમૃતં ગમય ॥

**અર્થ :** હે પ્રભુ! [તું] મને અસત્યોમાંથી સત્ય તરફ લઈ જા. અંધારામાંથી પ્રકાશ તરફ લઈ જા. મૃત્યુમાંથી અમરતા તરફ લઈ જા.

ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ ।
ત્વમેવ બંધુશ્ચ સખા ત્વમેવ ।
ત્વમેવ વિદ્યા દ્રવિણં ત્વમેવ ।
ત્વમેવ સર્વં મમ દેવદેવ ॥

**અર્થ :** આપ જ માતા અને આપ જ (મારા) પિતા છો, આપ જ મારા ભ્રાતા તથા આપ જ મારા મિત્ર છો. આપ જ મારી વિદ્યા છો, આપ જ મારી સંપત્તિ છો. હે પ્રભુ! હે દેવોના દેવ! આપ જ મારું સર્વસ્વ છો.



ત્વમેકં શરણ્યં ત્વમેકં વરેણ્યં
ત્વમેકં જગત્-પાલકં સ્વપ્રકાશમ્ ।
ત્વમેકં જગત્કર્તૃ - પાતૃ - પ્રહર્તૃ
ત્વમેકં પરં નિશ્ચલં નિર્વિકલ્પમ્ ॥

**અર્થ :** હે પ્રભુ, તું જ એક શરણ લેવા માટે યોગ્ય છે, આશ્રય લેવાનું પણ સ્થાન છો. તું જ એક જ વરણીય - ઈચ્છા કરવા માટે લાયક છે. તું જ એક આખા જગતનો પાલનહાર છે, તું જ સ્વયં પ્રકાશિત છે. પ્રભુ, તું જ એક આ સૃષ્ટિને ઉત્પન્ન કરનાર, પાલનહાર અને એનો સંહાર કરનારો છે અને તું જ નિશ્ચલ-અચળ, અને નિર્વિકલ્પ-અમર છે.

વયં ત્વાં સ્મરામો વયં ત્વાં ભજામો
વયં ત્વાં જગત્સાક્ષિરૂપં નમામઃ ।
સદેકં નિધાનં નિરાલંબમીશમ્
ભવામ્ભોધિપોતં શરણ્યં વ્રજામઃ ॥

**અર્થ :** હે પ્રભુ, અમે તારું સ્મરણ કરીએ છીએ અને અમે તને ભજીએ છીએ. આ જગતના કર્તા - સાક્ષીરૂપ! અમારા તને નમસ્કાર છે. ઓ સત્યસ્વરૂપ એકમાત્ર નિધાન અને નિરાલંબ પ્રભુ, આ ભવસાગર તરવા માટે નૌકા-રૂપ તમારા શરણમાં આવીએ છીએ.

નમસ્તે સતે તે જગત્કારણાય
નમસ્તે ચિતે સર્વલોકાશ્રયાય ।
નમોઽદ્વૈતતત્ત્વાય મુક્તિપ્રદાય
નમો બ્રહ્મણે વ્યાપિને શાશ્વતાય ॥

**અર્થ :** ઓ જગતનિયંતા, સત્યસ્વરૂપ પરમેશ્વર! હું તને નમસ્કાર કરું છું. આ વિશ્વને આધાર આપનાર ચૈતન્યસ્વરૂપ પ્રભુ! તને નમસ્કાર. મુક્તિ આપનાર અદ્વૈત તત્ત્વ એવા પ્રભુને મારા નમસ્કાર. હે શાશ્વત-નિરંતર અને સર્વવ્યાપી બ્રહ્મ! તને નમસ્કાર.

ॐ ઈશાવાસ્યં ઈદં સર્વં
યત્કિંચજગત્યાં જગત્ ।
તેન ત્યક્તેન ભુંજીથાઃ
મા ગૃધઃ કસ્યસ્વિદ્ ધનમ્ ॥

**અર્થ :** આ જગતમાં જે કંઈ જીવન છે એ બધું ઈશ્વરે બનાવેલું છે. એટલા માટે ઈશ્વરના નામથી ત્યાગ કરીને, તને જે મળે તે ભોગવ. બીજા કોઈના ધનને લઈ લેવાની ઈચ્છા કરીશ નહિ.

ઉત્તિષ્ઠત જાગ્રત પ્રાપ્ય વરાન્ નિબોધત ।
ક્ષુરસ્ય ધારા નિશિતા દુરત્યયા ।
દુર્ગં પથસ્તત્ કવયો વદન્તિ ॥
(કઠોપનિષદ)

**અર્થ :** ઊઠો, જાગો અને શ્રેષ્ઠ પુરુષોનો સત્સંગ કરીને જ્ઞાન પ્રાપ્ત કરો. જ્ઞાની લોકો કહે છે કે જેમ તલવારની ધાર ઉપર ચાલવાનું કઠણ છે તેમ સાચા જ્ઞાનનો માર્ગ પણ કઠણ છે.

શ્રેયસ્ય પ્રેયસ્ય મનુષ્યં એતઃ
તૌ સંપરીત્ય વિવિનક્તિ ધીરઃ ।
શ્રેયો હિ ધીરોઽભિપ્રેયસો વૃણીતે
પ્રેયો મન્દો યોગક્ષેમાદ્ વૃણીતે ॥
(કઠોપનિષદ)

**અર્થ :** શ્રેય - આત્મકલ્યાણ અને પ્રેય - ભૌતિક સુખ, બન્ને માણસની સામે આવીને ઊભાં રહે છે. ડાહ્યા માણસો બન્નેની બરાબર તુલના કરી, પરીક્ષા લઈ, વિવેકથી પસંદગી કરે છે. બુદ્ધિશાળી માણસો તો પ્રેયને બદલે શ્રેયને જ પસંદ કરતા હોય છે. મૂર્ખ મનુષ્યો પ્રેયને યોગક્ષેમ, દુન્યવી લાભ અને રક્ષાનું સાધન ગણીને અપનાવતા હોય છે.



યુવા સ્યાત્ સાધુઃ યુવાઽધ્યાપકઃ ।
આશિષ્ઠો દૃઢિષ્ઠો બલિષ્ઠઃ ।
તસ્યેયં પૃથ્વી સર્વા વિતસ્ય
પૂર્ણા સ્યાત્ ॥
(તૈત્તિરીય)

**અર્થ :** નવજવાન યુવાનને માટે સંદેશ છે કે તે સાધુચરિત, બહુ વિદ્વાન, આશાવાદી, દૃઢનિશ્ચયી અને બળવાન બને. એવા નવજવાન માટે સમસ્ત પૃથ્વી સંપત્તિમય બની જાય છે.

ન જાતુ કામાત્ ન ભયાન્ ન લોભાત્
ધર્મં ત્યજેત્ જીવિતસ્યાપિ હેતોઃ ।
ધર્મો નિત્યઃ સુખદુઃખે ત્વનિત્યે
જીવો નિત્યો હેતુરસ્ય ત્વનિત્યઃ ॥

**અર્થ :** આપણી કોઈ ઈચ્છાની તૃપ્તિ માટે અથવા ભયથી કે લોભથી, કે પછી પ્રાણીમાત્રની રક્ષા કરું છું એ વિચારથી કદીય ધર્મ છોડવો નહિ; કારણ કે ધર્મ તો હંમેશ માટે છે, જ્યારે સુખ-દુઃખ તો થોડા સમય માટે છે. આત્મા તો અમર છે, પણ એને બંધનમાં નાખવાવાળું આ શરીર તો નાશવંત છે.

સર્વે ભવન્તુ સુખિનઃ સર્વે સન્તુ નિરામયાઃ ।
સર્વે ભદ્રાણિ પશ્યન્તુ મા કશ્ચિદ્ દુઃખભાગ્ ભવેત્ ॥

**અર્થ :** બધા સુખી થાઓ, બધા નિરોગી રહો (સ્વાસ્થ્ય સારું રહે). બધા સારા વિચારોવાળી શુભ દૃષ્ટિ રાખે અને કોઈ પણ દુઃખ ન પામો.

ઉદ્ધરેદ્ આત્મના આત્માનં નાત્માનં અવસાદયેત્ ।
આત્મૈવ હિ આત્મનો બન્ધુઃ આત્મૈવ રિપુરાત્મનઃ ॥

**અર્થ :** પોતે જ પોતાનો ઉદ્ધાર કરવો જોઈએ અને પોતાનું અધઃપતન થવા દેવું ન જોઈએ; કારણ કે આત્મા-મનુષ્ય પોતે જ પોતાનો મિત્ર છે અને તે પોતે જ પોતાનો શત્રુ પણ બને છે.

મન એવ મનુષ્યાણાં કારણં બન્ધમોક્ષયોઃ ॥

**અર્થ :** મન એ જ મનુષ્યના મોક્ષ તથા બંધનનું - એટલે કે સુખ-દુઃખનું કારણ છે.

સ્વે સ્વે કર્મણ્યભિરતઃ સંસિદ્ધિં લભતે નરઃ ॥

**અર્થ :** પોતપોતાના ધર્મ પ્રમાણેના કાર્યમાં (કામકાજમાં) જે રુચિ બતાવે છે તે સમ્યક્ સિદ્ધિ પ્રાપ્ત કરે છે, અર્થાત્ સિદ્ધિનાં શિખરો સર કરે છે.



# ગાયત્રી-મંત્ર

ૐ ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં
ભર્ગો દેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ॥

| મંત્ર | | અર્થ |
|---|---|---|
| ૐ | : | હે આદિનાદરૂપ બ્રહ્મ! |
| ભુર્ | : | જે સૌમાં જીવરૂપ છે, |
| ભુવઃ | : | જે સર્વેનાં દુઃખોનું વારણ છે, |
| સ્વઃ | : | જે જગસંચાલક છે. |
| તત્ | : | તે |
| સવિતુર્ | : | (ભગવાન) સૂર્યના |
| વરેણ્યમ્ | : | શ્રેષ્ઠ એવા |
| ભર્ગો | : | તેજનું |
| દેવસ્ય | : | ભગવાનનુ |
| ધીમહિ | : | ધ્યાન અમે ધરીએ છીએ; |
| ધિયો | : | બુદ્ધિ |
| યો | : | જે |
| નઃ | : | અમારી |
| પ્રચોદયાત્ | : | સતેજ રાખે. |

**અર્થ :** હે આદિનાદરૂપ બ્રહ્મ, જે સૌમાં જીવરૂપ વસેલા છો, સર્વે દુઃખોનું નિવારણ કરો છો અને જે આ આખાય વિશ્વનું સંચાલન કરો છો એવા ઓ તેજસ્વી સૂર્ય ભગવાન! આપનું અમે ધ્યાન ધરીએ છીએ. હે પ્રભુ! અમારી બુદ્ધિને સતેજ અને તેજસ્વી બનાવો.

# બાળકોની નિત્ય પ્રાર્થના

## નમું છું, વંદું છું

"હે માતા સરસ્વતી! આજનો દિવસ શરૂ કરતાં પહેલાં
અમે તમને વંદન કરીએ છીએ.
તમે અમને બળ, બુદ્ધિ, વિદ્યા, ચતુરાઈ, સમજણશક્તિ આપો
અને અમને ભણવામાં હોશિયાર બનાવો."

■

હે ઈશ્વર! અમે તમારું કામ કરીએ તેવી
સમજણશક્તિ આપો અને
અમને તમારાં લાડકાં બાળકો બનાવો અને
અમારી બુદ્ધિ સ્થિર રાખો."

■

આ નો ભદ્રાઃ ક્રતવો યન્તુ વિશ્વતઃ ।। (ઋગ્વેદ)

**અર્થ** : સારા, શુભ અને સુંદર વિચારો અમને ચારે બાજુથી પ્રાપ્ત થાઓ.

■

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ
સરસ્વતીદેવીને નમન. ભારત માતા કી જય...



## હે મા શારદા!

હે મા શારદા, હે મા શારદા!
તારી પૂજાનું ફૂલ થવા શક્તિ દે... હે મા શારદા!
તારા મયૂરનો કંઠ થવા સૂર દે... હે મા શારદા!

તુજ મંદિરની જ્ઞાનજ્યોતથી જીવનપંથનું તિમિર ટળે,
હે દેવી, વરદાન જ્ઞાન દે લેખિનીના લેખ ફળે;
જ્ઞાનદા, ભક્તિ દે... હે મા શારદા!

સૂર શબ્દનો પૂર્યો સાથિયો, રંગ ભરી દ્યો મા! એમાં,
રગ રગ મધુરવ રવ પ્રગટાવી પ્રાણ પૂરી દ્યો ગીત-લયમાં;
શુભદા પંક્તિ દે... હે મા શારદા!

તારા ચરણની ધૂળ થવા ભાગ્ય દે... હે મા શારદા!



## નમું છું, વંદું છું

પ્રભો અંતર્યામી જીવન જીવના દીનશરણા,
પિતા માતા બંધુ અનુપમ સખા હિતકરણા!
પ્રભા કીર્તિ કાન્તિ ધનવિભવ સર્વસ્વ જનના,
નમું છું, વંદું છું વિમલમુખ સ્વામી જગતના!

અસત્યો માંહેથી પ્રભુ પરમ સત્યે તું લઈ જા,
ઊંડા અંધારેથી પ્રભુ પરમ તેજે તું લઈ જા;
મહા-મૃત્યુમાંથી અમૃતસમીપે નાથ લઈ જા,
તું-હીણો હું છું તો તુજ દરશનાં દાન દઈ જા.

પિતા, પેલો આઘે જગત વીંટતો સાગર વહે,
અને વેગે પાણી સકળ નદીનાં તે ગમ વહે;
વહો એવી નિત્યે મુજ જીવનની સર્વ કરણી,
દયાના પુણ્યોના તુજ પ્રભુ! મહાસાગર ભણી.

થતું જે કાયાથી ઘડીક ઘડી વાણીથી ઊચરું,
કૃતિ ઇન્દ્રિયોની મુજ મન વિશે ભાવ જ સ્મરું;
સ્વભાવે બુદ્ધિથી શુભ-અશુભ જે કાંઈ જ કરું,
ક્ષમા દૃષ્ટિ જોજો, તુજ ચરણમાં નાથજી! ધરું.



## પ્રેમળ જ્યોતિ

પ્રેમળ જ્યોતિ તારો દાખવી, મુજ જીવનપંથ ઉજાળ.
દૂર પડ્યો નિજ ધામથી હું, ને ઘેરે ઘન અંધાર,
માર્ગ સૂઝે નવ ઘોર રજનીમાં, નિજ શિશુને સંભાળ... મુજ જીવન ૦

ડગમગતો પગ રાખ તું સ્થિર મુજ દૂર નજર છો ન જાય,
દૂર માર્ગ જોવા લોભ લગીર ના, એક ડગલું બસ થાય;
મારે એક ડગલું બસ થાય....

આજ લગી રહ્યો ગર્વમાં હું ને માંગી મદદ ન લગાર,
આપબળે માર્ગ જોઈને ચાલવા હામ ધરી મૂઢ બાળ;
હવે માગું તુજ આધાર...

ભભકભર્યા તેજથી હું લોભાયો ને ભય છતાં ધર્યો ગર્વ,
વીત્યાં વર્ષો ને લોપ સ્મરણથી, સ્ખલન થયાં તે સર્વ;
મારે આજ થકી નવું પર્વ...

તારા પ્રભાવે નિભાવ્યો મને પ્રભુ! આજ લગી પ્રેમભેર;
નિશ્ચે મને તે સ્થિર પગલેથી ચલાવી પહોચાડશે ઘેર;
દાખવી પ્રેમળ જ્યોતિની સેર...

કર્દમભૂમિ કળણ ભરેલી ને ગિરિવર કેરી કરાડ,
ધસમસતા જળ કેરા પ્રવાહો, સર્વ વટાવી કૃપાળ,
મને પહોચાડશે નિજ દ્વાર...

રજની જશે ને પ્રભાત ઊજળશે ને સ્મિત કરશે પ્રેમાળ,
દિવ્ય ગણોનાં વદન મનોહર હૃદય વસ્યાં ચિરકાળ;
જે મેં ખોયાં હતાં ક્ષણવાર...

## હે જગત્રાતા, વિશ્વવિધાતા!

હે જગંત્રાતા, વિશ્વવિધાતા,
હે સુખશાંતિનિકેતન હે!

પ્રેમ કે સિન્ધો, દીન કે બન્ધો,
દુઃખ-દરિદ્ર વિનાશન હે! (ધ્રુવપંક્તિ)

નિત્ય, અખંડ, અનંત, અનાદિ,
પૂરણ બ્રહ્મ સનાતન હે!

જગઆશ્રય, જગપતિ, જગવંદન,
અનુપમ, અલખ, નિરંજન હે!

પ્રાણસખા, ત્રિભુવન-પ્રતિપાલક,
જીવન કે અવલંબન હે!

હે જગત્રાતા! વિશ્વવિધાતા!
હે સુખ-શાંતિનિકેતન હે!



## ચિનગારી માટે યાચના

એક જ દે ચિનગારી, મહાનલ!
એક જ દે ચિનગારી. (ધ્રુવપંક્તિ)

ચકમક લોઢું ઘસતાં ઘસતાં
ખરચી જિંદગી સારી;
જામગરીમાં તણખો ન પડ્યો,
ન ફળી મહેનત મારી. મહાનલ... (૧)

ચાંદો સળગ્યો, સૂરજ સળગ્યો,
સળગી આભ અટારી;
ના સળગી એક સગડી મારી,
વાત વિપતની ભારી. મહાનલ... (૨)

ઠંડીમાં મુજ કાયા થથરે,
ખૂટી ધીરજ મારી;
વિશ્વાનલ! હું અધિક ન માગું,
માગું એક ચિનગારી. મહાનલ... (૩)

## અહો, દેવના દેવ

અહો દેવના દેવ હે વિશ્વસ્વામી!
કરું હું સ્તુતિ આપની શિશ નામી.
દયાળુ પ્રભુ, આપદાથી ઉગારો,
દીનાનાથ! તું એક આધાર મારો...

પ્રભુ! આપ છો સર્વને પાળનારા,
તમે છો સદા સંકટો ટાળનારા;
કીધા છે કરોડો તમે ઉપકારો,
દીનાનાથ! તું એક આધાર મારો...

હું છું રાંકનો રાંક અજ્ઞાન પ્રાણી,
ન મારી કશી વાત તુંથી અજાણી;
કરો હે દયાળુ! ક્ષમા વાંક મારો,
દીનાનાથ! તું એક આધાર મારો...

અમે બાળકો બોલીએ હાથ જોડી,
અમારી મતિ હે પ્રભો, છેક થોડી;
દયા લાવીને પ્રાર્થના દિલ ધારો,
દીનાનાથ! તું એક આધાર મારો...

અમે ને કુટુંબી જનો જે અમારાં,
રહીએ શરીરે સુખી સર્વ સારાં;
સદા આપજો આપ સારા વિચારો,
દીનાનાથ! તું એક આધાર મારો...

નથી મેં કરી આપની કંઈ ભક્તિ,
નથી આપના ગુણ ગાવાની શક્તિ;
દયા લાવીને દાસ-દુઃખો નિવારો,
દીનાનાથ! તું એક આધાર મારો...



## વૈષ્ણવજન તો તેને રે કહીએ

વૈષ્ણવજન તો તેને રે કહીએ, જે પીડ પરાઈ જાણે રે;
પરદુઃખે ઉપકાર કરે તોયે મન અભિમાન ન આણે રે. (ધ્રુવપંક્તિ)

સકળ લોકમાં સહુને વંદે, નિંદા ન કરે કેની રે;
વાચ કાછ મન નિશ્ચલ રાખે, ધન ધન જનની તેની રે.
વૈષ્ણવજન૦

સમદૃષ્ટિ ને તૃષ્ણાત્યાગી, પરસ્ત્રી જેને માત રે;
જિહ્વા થકી અસત્ય ન બોલે, પરધન નવ ઝાલે હાથ રે.
વૈષ્ણવજન૦

મોહ માયા વ્યાપે નહિ જેને, દૃઢ વૈરાગ્ય જેના મનમાં રે;
રામનામ શું તાળી લાગી, સકળ તીરથ તેના તનમાં રે.
વૈષ્ણવજન૦

વણલોભી ને કપટરહિત છે, કામ, ક્રોધ નિવાર્યા રે;
ભણે 'નરસૈંયો' તેનું દર્શન કરતાં, કુળ એકોતેર તાર્યાં રે.
વૈષ્ણવજન૦

# વહ શક્તિ હમેં દો

વહ શક્તિ હમેં દો દયાનિધે!
કર્તવ્ય માર્ગ પર ડટ જાયેં,
પર-સેવા, પર-ઉપકારમેં હમ,
નિજ જીવન સફળ બના જાયેં;

હમ દીનદુ:ખી, નિર્બલોં વિકલોં કે,
સેવક બન સંતાપ હરેં,
જો હૈ અટકે ભૂલેભટકે,
ઉનકો તારેં હમ તર જાયેં.

છલ, કપટ, દંભ, પાખંડ, જૂઠ,
અન્યાયસે નિશિ-દિન દૂર રહેં,
જીવન હો શુદ્ધ, સરલ અપના,
શુચિ પ્રેમ-સુધા રસ બરસાયેં,

નિજ આન-માન મર્યાદા કા,
પ્રભુ! ધ્યાન રહેં, અભિમાન રહેં,
જિસ દેશ જાતિમેં જન્મ લિયા,
બલિદાન ઉસી પર હો જાયેં.'

વહ શક્તિ હમેં દો, દયાનિધે!
કર્તવ્ય માર્ગ પર ડટ જાયે.



# વિશ્વેશ છો સકળ

વિશ્વેશ છો સકળ વિશ્વ તણા વિધાતા,
ત્રાતા તમે, સકળ મંગલ શાંતિ-દાતા;
માટે તમારું કરુણાનિધિ સત્ય નામ.
સાષ્ટાંગ, નાથ! તમને કરું હું પ્રણામ.

અજ્ઞાનપાશ કરુણા કરી કાપી નાખો,
નિત્ય પ્રભુ તવ પદે મમ વૃત્તિ રાખો;
ભક્તોનું પાલન કરો પ્રભુ! સર્વ આમ,
સાષ્ટાંગ, નાથ! તમને કરું હું પ્રણામ.

જેણે રચી ચિત્ર-વિચિત્ર સૃષ્ટિ,
જેની કરુણામય દિવ્ય દૃષ્ટિ;
જેણે કર્યાં છે અદ્ભુત કામ.
પ્રેમે કરું તે પ્રભુને પ્રણામ.

જે કાળના કાળ કૃપાળુ એહ,
જનો તણા છે પ્રતિપાળ તેહ;
કલ્યાણદાતા કરું નિત્ય સેવા,
તમે જ છો સકલના ઈષ્ટ દેવ.

## મંગલ મંદિર ખોલો

મંગલ મંદિર ખોલો,
દયામય! મંગલ મંદિર ખોલો.

જીવન-વન અતિ વેગે વટાવ્યું;
દ્વાર ઊભો શિશુ ભોળો... દયામય૦
તિમિર ગયું ને જ્યોતિ પ્રકાશ્યો,
શિશુને ઉરમાં લ્યો લ્યો. દયામય૦
નામ મધુર તમ રટ્યો નિરંતર,
શિશુ સહ પ્રેમે બોલો. દયામય૦
દિવ્ય તૃષાતુર આવ્યો બાળક,
પ્રેમ અમીરસ ઢોળો. દયામય૦

મંગલ મંદિર ખોલો,
દયામય! મંગલ મંદિર ખોલો.

## અમે નાનાં બાળ

અમે તો તારાં નાનાં બાળ,
અમારી તું લેજે સંભાળ.
ડગલે પગલે ભૂલો અમારી,
દે સદ્‌બુદ્ધિ ભૂલો સુધારી;
અમ પર પ્રેમ ઘણો વરસાવ... અમે૦

દીન-દુઃખિયાનાં દુઃખ હરવાને,
આપો બળ અમને સહાય થવાને;
તું જ વિના લેશે કોણ સંભાળ?... અમે૦



## ઈશ્વરનું ભજન

વીસરું નહિ પ્રભુનામ, કદી હું વીસરું નહિ પ્રભુ નામ. (ટેક)
ચંદ્ર સૂરજ ને અગણિત તારા, કર્યાં ઉજાશનાં કામ. કદી હું૦
બહુ ઉપયોગી આપી હવા તે, બેસે નહિ કંઈ દામ. કદી હું૦
અન્ન દીએ છે વરસાદેથી, પાળે જીવ તમામ. કદી હું૦
ગાય ભેંસને દૂધદહીં દેવા, સરજાવી સૌ ઠામ. કદી હું૦
ઝાડપાન ફળફૂલ બનાવ્યાં, આંબો ગુલાબ બદામ. કદી હું૦
દયા કરી સેવકને આપો, બહુ વિદ્યા સુખ હામ. કદી હું૦

## ઇતની શક્તિ હમેં દેના

ઈતની શક્તિ હમેં દેના, દાતા!
પ્રભુ, મન કા વિશ્વાસ કમજોર હો ના,
હમ ચલેં નેક રાસ્તે, હમસે કહીં ભૂલ હો ના.
પ્રભુ! ઈતની શક્તિ હમેં દેના...

દૂર કર અજ્ઞાન કે યે અંધેરે, તૂ હમેં જ્ઞાન કી રોશની દે,
હર બૂરાઈ સે બચતે રહેં હમ, સબ કી સેવા કી સદ્‌ભાવના દે.
પ્રભુ! ઈતની શક્તિ હમેં દેના...

બૈર હો ના કિસી કા કિસી સે, ભાવના મન મેં બદલે કી હો ના,
સોચેં ના હમ ક્યા મિલેગા, હમ યહ સોચેં કિ હમેં ક્યા દેના.
પ્રભુ! ઈતની શક્તિ હમેં દેના...

ફલ ખુશિયોં કે બાંટે સભી કો, સબ કા જીવન બન જાય એક મધુબન;
અપની કરુણા કે રસ કો બહાકે, કર દો પાવન હરેક મનકા કોના.
પ્રભુ! ઈતની શક્તિ હમેં દેના...

## ઓ ઈશ્વર! ભજીએ તને

ઓ ઈશ્વર! ભજીએ તને,
મોટું છે તુજ નામ;
ગુણ તારા નિત ગાઈએ,
થાય અમારાં કામ.

હેત લાવી હસાવ તું,
સદા રાખ દિલ સાફ;
ભૂલ કદી કરીએ અમે,
તો પ્રભુ! કરજે માફ.

## અંતર

અંતર મમ વિકસિત કરો, અંતરતર હે!
નિર્મલ કરો, ઉજ્જ્વળ કરો, સુંદર કરો હે. – અંતર ૦

જાગ્રત કરો, ઉદ્યત કરો, નિર્ભય કરો હે,
મંગલ કરો નિરલસ નિઃસંશય કરો હે. – અંતર ૦

યુક્ત કરો હે* સબાર સંગે, મુક્ત કરો હે બંધ,
સંચાર કરો, સકલ કર્મે શાંત તોમાર છંદ. – અંતર ૦

ચરણપદ્મે મમ ચિત્ત નિષ્પંદિત કરો હે,
નંદિત કરો, નંદિત કરો, નંદિત કરો હે. – અંતર ૦

- રવીન્દ્રનાથ ટાગોર

* સબાર સંગે = સૌની સાથે
નિષ્પંદિત = સ્થિર



## જ્યોત સે જ્યોત

જ્યોત સે જ્યોત જગાવો;
મેરે સદ્ગુરુ! જ્યોત સે જ્યોત જગાવો.
મેરા અંતરતિમિર મિટાવો... સદ્ગુરુ ૦

હે સર્વેશ્વર, હે પરમેશ્વર, હે યોગેશ્વર,
હે જ્ઞાનેશ્વર, નિજ કૃપા વરસાવો;
સદ્ગુરુ! જ્યોત સે જ્યોત જગાવો...

હમ બાલક તેરે દ્વાર પે આયે, મંગલ દરશન આપો,
સદ્ગુરુ! જ્યોત સે જ્યોત જગાવો...

શિશ ઝુકાકર કરું તુજ આરતી, નિજ કૃપા વરસાવો,
સદ્ગુરુ! જ્યોત સે જ્યોત જગાવો...

ઐસી જ્યોત જલે હૃદયમેં 'સોહમ્'-નાદ જગાવો,
સદ્ગુરુ! જ્યોત સે જ્યોત જગાવો...

'મુક્તાનંદ' જીવન અવિનાશી શરનન શરન લગાવો,
સદ્ગુરુ! જ્યોત સે જ્યોત જગાવો...

## પરમેશ્વર કેવા હશે?

મને કહોને પરમેશ્વર કેવા હશે?
ક્યાં રહેતા હશે? શું કરતા હશે?... મને કહોને૦

ગગનની ઓઢણીમાં ચાંદા સૂરજ ને
તારાના ગૂંથનારા કેવા હશે?... મને કહોને૦

આંબાની ઊંચી ડાળે ચડીને,
મોરોના મૂકનાર કેવા હશે?... મને કહોને૦

મીઠા એ મોરોના સ્વાદ ચખાડી,
કોયલ બોલાવનાર કેવા હશે?... મને કહોને૦

ઊંડા સાગરનાં મોજાં ઉછાળી,
ઘૂ ઘૂ ગજાવનાર કેવાં હશે?... મને કહોને૦

મને ય મારી માડીને ખોળે,
હોંશે હુલાવનાર કેવા હશે?... મને કહોને૦

## સૃજેલાં શ્રીપ્રભુજીએ

સૃજેલાં શ્રી પ્રભુજીએ મનુષ્યો સૌએ સરખાં છે,
નથી કો ઊંચ કે નીચાં, જીવન તો સૌનાં સરખાં છે.

પ્રભુજીની જગતવાડી તણાં ફૂલડાં સૌ થાઓ,
સુગંધીથી ભરેલાં સૌ સમજીએ તો એ સરખાં છે.

વિષમ આ વિશ્વના વાયુ કરે મન ક્રોધી ને ઘેલાં,
નકલ મન દોષ માનવનો સકલ આત્મા તો સરખા છે.



## વણમાગ્યું તેં ઘણું દીધું છે

વણમાગ્યું તેં ઘણું દીધું છે, યાદી મોટી છે;
એક જ વાત હું માગું છું, પ્રભુ! જ્ઞાની જીવન દે.
ભોટ બની ના જીવવું મારે, માનવ થાવું સંસારે,
તેજસ્વી જીવન લઈ ખીલવું જીવનના પગથારે.
બદલામાં માગે તે આપું, જે જોઈએ તે લે... વણમાગ્યું૦

ભ્રાન્ત ભક્તિ ચાલી રહી છે આજે સારા જગમાં,
જ્ઞાનપૂર્ણ ભક્તિ ભરવી છે મારે જગમાં ફગમાં;
પાર્થ બનું એવી શક્તિ તું મુજ અંતરમાં દે... વણમાગ્યું૦

કર્મ અને ભક્તિને જાણું કેમ ઘોર અંધારે?
તેથી જ્ઞાન તણી જ્યોતિની અતિ જરૂર છે મારે;
જ્ઞાન, કર્મ અને ભક્તિમય જીવન તુજને ધરવું છે... વણમાગ્યું૦
વણમાગ્યું તેં ઘણું દીધું છે.

## ધૂન

રઘુપતિ રાઘવ રાજા રામ, પતિતપાવન સીતારામ,
ઈશ્વર અલ્લા તેરો નામ, સબ કો સન્મતિ દે ભગવાન !

## નિદ્રા મહીં નહિ હતું તન-ભાન જ્યારે

નિદ્રા મહીં નહિ હતું તનભાન જ્યારે,
જેણે જુઓ પૂરણ રક્ષણ કીધું ત્યારે;
તેને પ્રભાત સમયે પ્રથમ સ્મરું રે,
કાર્યો બધાં દિવસનાં પછીથી કરું રે.
જીવોનું પાલન કરે પ્રીતથી સદાયે,
દે જીવને જીવનશક્તિ વધારતા રે.

ટાળે તિમિર ગગને ભમી દિનરાત,
આરામની નથી તહીં પળ એક વાત;
થાક્યાં બધાં દિવસના શ્રમથી જ પ્રાણી,
રાત્રિ ભલી સુખ દીએ ભરનિંદ આણી.

જો મેઘમંડળ કરે નિયમિત વૃષ્ટિ,
સંતોષ ને હરખમાંહી, ફુલાય સૃષ્ટિ;
પૃથ્વી વનસ્પતિ વડે ધનધાન્ય આપે,
પ્રાણી તણાં કઠિન કષ્ટ અનેક કાપે.

શું આ સૃજ્યાં પવન પાવક પાણી ઈશે,
પ્રાણી તણું જીવન એ ત્રણ નિત્ય દીસે;
જો ચાકરી મનુષ્યની ત્રણને દીધી છે,
શું સુખસાધન તણી રચના કીધી છે.

આહા પ્રભુ મનુષ્યને મનબુદ્ધિ આપી,
સત્તા વળી સહુ જીવો પર તેની થાપી;
એવું રૂડું સદૈવ પાલન જે કરે છે,
તેને ભૂલી નહિ ભજે જન પાપી તે છે.



## જેના ઘરમાં ભક્તિ-જ્ઞાન એ ઘર આવે છે ભગવાન

જેના ઘરમાં ભક્તિ-જ્ઞાન, એ ઘર આવે છે ભગવાન;
જ્યાં છે સંત તણાં સન્માન, એ ઘર આવે છે ભગવાન... (૧)

ઘરનાં સૌએ સંપી રહેતાં, એકબીજાને દોષ ન દેતાં;
નાનાં મોટાં સૌએ સમાન, એ ઘર આવે છે ભગવાન... (૨)

એકબીજાનું હિત વિચારી, મીઠી વાણીને ઉચ્ચારી;
રાખે સ્વધર્મ કેરું ભાન, એ ઘર આવે છે ભગવાન... (૩)

માત-પિતાના એ સંસ્કારો, ઊતરે બાળકમાં આચારો;
વિકસે કુટુંબનું ઉદ્યાન, એ ઘર આવે છે ભગવાન... (૪)

એની સુવાસ વિશ્વે વ્યાપે, દેવો આવી થાણું થાપે;
'ગોવિંદ' એ ઘર સ્વર્ગ-સમાન, એ ઘર આવે છે ભગવાન... (૫)

## સર્વધર્મ પ્રાર્થના

ૐ તત્સત્ શ્રી નારાયણ તું પુરુષોત્તમ ગુરુ તું.
સિદ્ધ બુદ્ધ તું સ્કંદ વિનાયક સવિતા પાવક તું.
બ્રહ્મ મજ્દ તું યહવ શક્તિ તું ઈશુ પિતા પ્રભુ તું.
રુદ્ર વિષ્ણુ તું રામકૃષ્ણ તું રહીમ તાઓ તું.
વાસુદેવ ગો-વિશ્વરૂપ તું ચિદાનંદ હરિ તું.
અદ્વિતીય તું અકાલ નિર્ભય આત્મલિંગ શિવ તું...ૐ

## મેરુ તો ડગે પણ જેનાં મન ના ડગે રે

એ જી મેરુ તો ડગે પણ જેનાં મન ના ડગે રે,
ભલે ભાંગી પડે રે ભરમાન્ડ રે!
વિપત પડે પણ વણસે નહીં જે,
સો હી મારાં હરિજનનાં પરમાણ રે;
ચિત્તની તો વૃત્તિ જેની સદાય જ નિરમળ રે,
વચનમાં રાખે વિશ્વાસ રે... મેરુ ૦
દાન દીયે પણ રીયે રે અજાચી રે,
નવ કરે કોઈની આશ રે... મેરુ ૦
હરખ શોકની જેને હેડકી ન આવે રે,
આઠે પહોર આનંદ રે,
નિત ઊઠીને રહે સતસંગમાં રે,
તજે માયા કેરા ફંદ રે... મેરુ ૦
તન મન ધન જેણે અરપણ કીધાં રે,
નિજારી હોય નર ને નાર રે... મેરુ ૦
એકાંતે બેસીને અલખ આરાધે રે,
પહોંચે મારા હરિને દુવાર રે... મેરુ ૦
સંગતું કરો તો તમે એવાની રે કરજો રે,
ભજનમાં રહેજો ભરપૂર રે.
શીલવંત સાધુને ઝાઝેરી ખમ્માયું રે,
જેનાં નેણોમાં વરસે ઝાઝાં નૂર રે... મેરુ ૦
ગંગા સતી કહે ગુરુચરણે મન રે,
સાચા મારા હરિ ગુરુ સંત રે;
એજી મેરુ તો ડગે પણ જેનાં મન ના ડગે રે,
ભલે ભાંગી પડે ભરમાન્ડ રે.

- ગંગા સતી



## તે મને શીખવ

હે પ્રભુ!
સંજોગો વિકટ હોય ત્યારે, સુંદર રીતે કેમ જીવવું
તે મને શીખવ...

બધી બાબતો અવળી પડતી હોય ત્યારે,
હાસ્ય અને આનંદ કેમ ન ગુમાવવા,
તે મને શીખવ...

પરિસ્થિતિ ગુસ્સો પ્રેરે તેવી હોય ત્યારે,
શાંતિ કેમ રાખવી,
તે મને શીખવ...

કામ અતિશય મુશ્કેલ લાગતુ હોય ત્યારે,
ખંતથી તેમાં લાગ્યા કેમ રહેવું,
તે મને શીખવ...

કઠોર ટીકા ને નિંદાનો વરસાદ વરસે ત્યારે,
તેમાંથી મારા ખપનું ગ્રહણ કેમ કરી લેવું,
તે મને શીખવ...

પ્રલોભનો, પ્રશંસા, ખુશામતોની વચ્ચે
તટસ્થ કેમ રહેવું,
તે મને શીખવ...

ચારે બાજુથી મુશ્કેલીઓ ઘેરી વળે, ને
શ્રદ્ધા ડગુમગુ થઈ જાય,
નિરાશાની ગર્તામા મન ડૂબી જાય ત્યારે,
ધૈર્ય અને શાંતિથી તારી કૃપાની પ્રતીક્ષા કેમ કરવી,
તે મને શીખવ...

- કુન્દનિકા કાપડિયા

## રિદ્ધિ દે, સિદ્ધિ દે.

રિદ્ધિ દે, સિદ્ધિ દે, અષ્ટ નવ નિધિ દે,
વંશ મેં વૃદ્ધિ દે, મા ભવાની.

હૃદયમેં જ્ઞાન દે, ચિત્તમેં ધ્યાન દે,
અભય વરદાન દે, શંભુરાની.

દુઃખકો દૂર કર, સુખ ભરપૂર કર,
આશા સંપૂર્ણ કર, દાસ જાણી.

સજ્જનસે હિત દે, કુટુંબસે પ્રીત દે,
જગતમેં જીત દે, મા ભવાની.

## આપણું જીવનકાર્ય : પરમાર્થ

પરમારથમાં પગલાં ભરજે, નિજ જીવનમાં કાંઈ આચરજે,
તન-મન-ધનથી સત્કર્મ કરીને, ધ્યાન પ્રભુનું તું ધરજે... પરમારથમાં૦

સત્ય ક્ષમાના મંત્ર પઢીને, સંતોષ દયા ધારણ કરજે;
ન્યાય નીતિ નૌકા નિજ તનથી તું ભવસાગરને તરજે... પરમારથમાં૦

દાન દિશા દિલથી બદલી, સદ્‌વિદ્યાદાન સદા કરજે;
કોઈ દીનજનોનાં દુઃખ હરજે ને બ્રહ્મચર્યપાલન કરજે... પરમારથમાં૦



## વિભાગ-૨

# પ્રેરણાગીતો



## અગિયાર મહાવ્રત

સત્ય, અહિંસા, ચોરી ન કરવી, વણજો'તું નવ સંઘરવું,
બ્રહ્મચર્ય ને જાતે મહેનત, કોઈ અડે નવ અભડાવું,
અભય, સ્વદેશી, સ્વાદત્યાગ ને સર્વ ધર્મ સરખા ગણવા;
આ અગિયાર મહાવ્રત સમજી નમ્રપણે દૃઢ આચરવાં.

## ઊઠ જાગ મુસાફિર ! ભોર ભઈ

ઊઠ જાગ મુસાફિર ભોર ભઈ,
અબ રૈન કહાઁ જો સોવત હૈ ॥ (ધ્રુ૦)
જો સોવત હૈ સો ખોવત હૈ,
જો જાગત હૈ સો પાવત હૈ ॥ ઊઠ૦ (૧)

ટુક નીંદસે અખિયાઁ ખોલ જરા,
ઓ ગાફિલ! રબસે ધ્યાન લગા!
યહ પ્રીત કરનકી રીત નહીં :
રબ જાગત હૈ તૂ સોવત હૈ ॥ ઊઠ૦ (૨)

અય જાન, ભુગત કરની અપની,
ઓ પાપી, પાપ મેં ચૈન કહાઁ?
જબ પાપકી ગઠરી સીસ ધરી,
ફિર સીસ પકડ ક્યોં રોવત હૈ? ॥ ઊઠ૦ (૩)

જો કાલ કરે સો આજ કર લે!
જો આજ કરે સો અબ કર લે!
જબ ચિડિયન ખેતી ચુગિ ડાલી,
ફિર પછતાયે ક્યા હોવત હૈ? ॥ ઊઠ૦ (૪)

## ગુજારે જે શિરે તારે

ગુજારે જે શિરે તારે જગતનો નાથ તે સહેજે,
ગણ્યું જે પ્યારું પ્યારાએ અતિ પ્યારું ગણી લેજે. (૧)
દુનિયાની જૂઠી વાણી વિષે જો દુઃખ વાસે છે,
જરાયે અંતરે આનંદ ના ઓછો થવા દેજે. (૨)
કચેરી માંહી કાજીનો નથી હિસાબ કોડીનો,
જગતકાજી બનીને તું વહોરી ના પીડા લેજે. (૩)
જગતના કાચના યંત્રે ખરી વસ્તુ નહિ ભાસે;
ન સારા કે નઠારાની જરાયે સંગતે રહેજે. (૪)
રહેજે શાંતિ સંતોષે સદાયે નિર્મળે ચિત્તે;
દિલે જે દુઃખ કે આનંદ કોઈને નહિ કહેજે. (૫)
વસે છે ક્રોધ વેરી ચિત્તમાં, તેને તજી દેજે;
ઘડી જાયે ભલાઈની, મહાલક્ષ્મી ગણી લેજે. (૬)
રહે ઉન્મત સ્વાનંદે, ખરું એ સુખ માની લે;
પીએ તો શ્રી પ્રભુના પ્રેમનો પ્યાલો ભરી પીજે. (૭)
કટુ વાણી સુણે જો તું મીઠી વાણી સદા કહેજે;
પરાઈ મૂર્ખતા કાજે, મુખે ના ઝેર તું લેજે. (૮)
અરે! પ્રારબ્ધ તો ઘેલું રહે છે દૂર માગે તો,
ન માગે દોડતું આવે, ન વિશ્વાસે કદી રહેજે. (૯)
સદા નિર્મોહી શાંતિથી રહે એ સુખ મોટું છે;
જગત બાજીગરીનાં તું, બધાં છલબલ જવા દેજે. (૧૦)
પ્રભુના નામનાં પુષ્પો પરોવી કાવ્યમાલા તું,
પ્રભુની પ્યારી ગ્રીવામાં પહેરાવી પ્રીતે દેજે. (૧૧)
કવિ રાજા થયો શી છે, પછી પીડા તને કાંઈ;
નિજાનંદે હમેશાં 'બાલ' મસ્તીમાં મજા લેજે. (૧૨)



## ઉઘાડી રાખજો બારી

દુઃખી કે દર્દીઓ કોઈ,
ભૂલેલા માર્ગવાળાને;
વિસામો આપવા ઘરની ઉઘાડી રાખજો બારી...

ગરીબની દાદ સાંભળવા,
અવરના દુઃખને હરવા;
તમારાં કર્ણ-નેત્રોની ઉઘાડી રાખજો બારી...

પ્રણયનો વાયરો વાવા,
કુછંદી દુષ્ટ વા જાવા;
તમારાં શુદ્ધ હૃદયોની ઉઘાડી રાખજો બારી...

અતિ ઉજાશ કરનારા,
તિમિરનો નાશ કરનારા;
કિરણને આવવા સારુ ઉઘાડી રાખજો બારી...

થયેલાં દુષ્ટ કર્મોની,
છૂટા જંજીરથી થાવા;
જરા સત્કર્મની નાની ઉઘાડી રાખજો બારી...

સ્વ. સર પ્રભાકર પટણી

## જીવનને વહેતું રાખજે

પ્રભુ! જીવનને વહેતું રાખજે;
કદી સુકાય ના, યાદ રાખજે.

તરસ્યાને તૃપ્ત કરું, એવો પ્રવાહ દે,
નૈરાશ્ય દૂર કરું એવો ઉત્સાહ દે;
વહેણ વાત્સલ્યનું ખળખળતું રાખજે... કદી૦

દુશ્મનને દોસ્ત કરું એવો વિચાર દે,
સંકલ્પો સિદ્ધ કરું એવો આધાર દે;
ધૈર્ય ધબકારે ધમધમતું રાખજે... કદી૦

જનગણ જાગ્રત કરું એવી ખુમારી દે,
હૈયાં ઝંકૃત કરું એવો પુકાર દે;
ખીલ્યું માનવ્ય મઘમઘતું રાખજે... કદી૦



## સ્વાધ્યાય મારે કરવો છે

થઈ ધર્મનિષ્ઠ પ્રેમ થકી મારે
સ્વાધ્યાય નિત્ય કરવો છે.

મારે ગીતાના ગાન મહીં રાચવું છે,
નિત્ય કૃષ્ણ તણા તાન મહીં નાચવું છે;
ભાવ ગીતાના સમજીને સાચા,
સ્વાધ્યાય નિત્ય કરવો છે.

મારે નિષ્કામ ભાવના રાખવી છે,
કામ-ક્રોધ તણી પ્રીતિને ત્યાગવી છે,
મદ-મોહને હટાવવાને મારે,
સ્વાધ્યાય નિત્ય કરવો છે.

શાન સંસ્કૃતિની નહિ ભૂલવી છે,
હાથ જ્ઞાનની મશાલ સદા ધરવી છે;
બની અર્જુન યોગેશ્વરના મારે,
સ્વાધ્યાય નિત્ય કરવો છે.

મારે ગામડે ગામડે ઘૂમવું છે,
ભાથું ભક્તિનું લઈ જગે ફરવું છે;
કરી સંતોનો સંગ સદા સાચો,
સ્વાધ્યાય નિત્ય કરવો છે.

## કર્મનો મહિમા

(દોહરો)

કરતાં જાળ કરોળિયો ભોંય પડી ગભરાય;
વણ તૂટેલે તાંતણે ઉપર ચડવા જાય.

મે'નત તેણે શરૂ કરી ઉપર ચડવા માટ;
પણ પાછો હેઠે પડ્યો, ફાવ્યો નહિ કો ઘાટ.

એ રીતે મંડી રહ્યો, ફરી ફરી બે-ત્રણ વાર;
પણ તેમાં નહિ ફાવતાં, ફરી થયો તૈયાર.

હિંમત રાખી હોંશથી ભીડ્યો છઠ્ઠી વાર;
ધીરજથી જાળે જઈ, પ્હોંચ્યો તે નિર્ધાર.

ફરી ફરીને ખંતથી યત્ન કર્યો નહિ હોત;
ચગદાઈ પગ તળે, મરી જાત વણમોત.

એ રીતે જો માણસો રાખી મનમાં ખંત;
આળસ તજી મે'નત કરે, પામે લાભ અનંત.

- અજ્ઞાત



## હરિનાં લોચનિયાં

એક દિન આંસુભીનાં રે,
હરિનાં લોચનિયાં મેં દીઠાં!

પચરંગી ઓચ્છવ ઊછળ્યો'તો અન્નકૂટની વેળા;
ચાંદીની ચાખડીએ ચડી ભક્ત થયા'તા ભેળા!
શંખ ઘોરતા, ઘંટ ગુંજતા, ઝાલરું ઝણઝણતી;
શતશગ કંચન આરતી હરિવર-સંમુખ નર્તન્તી.
દરિદ્ર, દુર્બળ, દીન અછૂતો અન્ન વિના અડવડતા,
દેવદ્વારની બહાર ભટકતા ટુકડા કાજ ટળવળતા,

...તે દિન આંસુભીનાં રે,
હરિનાં લોચનિયાં મેં દીઠાં!

લગ્નવેદિમાં પાવક પ્રજળ્યો'તો વિપ્ર વેદ ઉચ્ચરતા,
સાજન મા'જન મૂછ મરડતા, પોરસફૂલ્યા ફરતા;
જીર્ણ, અજીઠું, પામર, ફિક્કું, માનવપ્રેતસમાણું,
કૃપણ કલેવર કોડભર્યું જ્યાં માંડવડે ખડકાણું:
'બ્રાહ્મણવચને સૂરજસાખે' કોમળ કળી ત્યાં આણી,
ભાવિની મનહર પ્રતિમાની જે દિન ઘોર ખોદાણી,

...તે દિન આંસુભીનાં રે,
હરિનાં લોચનિયાં મેં દીઠાં!

ભય-થરથરતા ખેડૂત ફરતા શરીફ ડાકુ વીંટાયા,
વરુનાં ધાડાં મૃત ઘેટાની માંસ-લાલચે ધાયાં!

થેલી, ખડિયા, ઝોળી, તિજોરી સૌ ભરચક્ક ભરાણાં,
કાળી મજૂરીના કરતલને બે ટંક પૂગ્યા ન દાણા!
ધીંગા ઢગલા ધાન્ય તણા સૌ સુસ્તોમાંહી તણાણા,
રંગ ખેડૂનાં રુધિરે ખરડ્યાં જે દિન ખળાં ખવાણાં;

...તે દિન આંસુભીનાં રે,
હરિનાં લોચનિયાં મેં દીઠાં!

હૂંફાળાં રાજવીભવનોથી મમત-અઘોર નશામાં,
ખુદમતલબિયા મુત્સદીઓએ દીધાં જુદ્ધ-દદામાં;
જલથલનભ સૌ ઘોર અગનની ઝાળમહીં ઝડપાયાં,
માનવી માનવીનાં ખૂન પીવા ધાયા થઈ હડકાયા;
નવસર્જનના સ્વપ્નસંગી ઉર ઉછરંગે ઊભરાણાં,
લખલખ નિર્મલ નવલકિશોરો ખાઈઓમાં ખોવાણા;

...તે દિન આંસુભીનાં રે,
હરિનાં લોચનિયાં મેં દીઠાં!

ખીલું ખીલું કરતાં માસૂમ ગુલ સૂમ શિક્ષકને સોંપાણાં,
કારાગાર સમી શાળાના કાઠ ઉપર ખડકાણાં;
વસંત વર્ષા ગ્રીષ્મ શરદના ભેદ બધાય ભુલાણા,
જીવનમોદ તણા લઘુમતમાં પ્રગતિપદ છેદાણા;
હર્ષઝરણ લાખો હૈયાનાં ઝબક્યાં ત્યાં જ ઝલાણાં,
લાખ ગુલાબી સ્મિત ભાવિનાં વણવિકસ્યાં જ સુકાણાં;

...તે દિન આંસુભીનાં રે,
હરિનાં લોચનિયાં મેં દીઠાં!

- કરસનદાસ માણેક



## એજી તારા આંગણિયે

એજી તારા આંગણિયે કોઈ આશા કરીને આવે રે,
આવકારો મીઠો આપજે રે જી. (ટેક)

એજી તારે કાને કોઈ સંકટ સંભળાવે રે,
બને તો થોડાં કાપજે રે જી.

માનવીની પાસે કોઈ માનવી ન આવે (૨)
એજી તારા દિવસો દેખીને દુઃખિયાં આવે રે,
આવકારો મીઠો આપજે રે જી.

કેમ તમે આવ્યા છો, એવું નવ કહેજે (૨)
એજી એને ધીમે રે ધીમે તું બોલવા દેજે રે,
આવકારો મીઠો આપજે રે જી.

વાતો એની સાંભળીને, આડું નવ જોજે (૨)
એજી એને માથું રે હલાવી હોંકારો દેજે રે.
આવકારો મીઠો આપજે રે જી.

'કાગ' એને પાણી પાજે, ભેળો બેસી જમજે (૨)
એજી એને ઝાંપા રે સુધી તું, મેલવા જાજે રે,
આવકારો મીઠો આપજો રે જી.

- 'કાગ'

## રાખનાં રમકડાં

રાખનાં રમકડાં મારા રામે રમતાં રાખ્યાં રે,
મૃત્યુલોકની માટીમાંથી માનવ કહીને ભાખ્યાં રે.
રાખનાં રમકડાં, રમકડાં...

બોલે ડોલે રોજ રમકડાં, નિતનિત ગમતું માગે,
આ મારું આ તારું કહીને એકબીજાને ભાંડે રે.
રાખનાં રમકડાં, રમકડાં...

એ ઈ કાચી માટીની કાયામાંથી માયા કેરા રંગ લગાયા,
એ...જી ઢીંગલા ઢીંગલીએ ઘર માંડ્યાં ત્યાં તો,
વીંઝણલા વીંઝાયા રે.
રાખનાં રમકડાં, રમકડાં...

તંત અનંતના તંત ન તૂટ્યા ને રમત અધૂરી રહી,
તનડા ને મનડાની વાતો, આવી એવી ગઈ.
રાખનાં રમકડાં, રમકડાં...

- અવિનાશ વ્યાસ



## નિશાળિયાને શિખામણ

પરોઢિયે નિત ઊઠીને લેવું ઈશ્વર નામ,
દાતણ કરી નાહ્યા પછી, કરવા પાઠ તમામ.

કહ્યું કરો માબાપનું દો મોટાંને માન,
ગુરુને બાપ સમા ગણો, મળશે સારું જ્ઞાન.

જૂઠું કદી ના બોલવું, તજવી આળસ અંગ,
હળીમળીને ચાલવુ રાખો સારો સંગ.

નિત્ય જવું નિશાળમાં ભણવું ચોડી ચિત્ત,
ગુરુની શિક્ષા માનવી, રાખો રૂડી રીત.

રાખો નહીં મન રમતમાં સમજો સારી પેર,
નિશાળમાંથી નીસરી જવું પાંસરા ઘેર.

## પિંજરે કે પંછી રે... તેરા દર્દ ન જાને કોય

પિંજરે કે પંછી રે... તેરા દર્દ ન જાને કોય
બાહર સે તૂ ખામોશ રહે તૂ ભીતર ભીતર રોય રે... (૨) તેરા દરદ૦

કહ ના સકે તૂ અપની કહાની, તેરી ભી પંછી કયા જિંદગાની રે... (૨)
વિધિ ને તેરી કથા લિખી આંસુ મેં કલમ ડૂબોય;
તેરા દરદ ન જાને કોય... પિંજરે૦

ચૂપકે ચૂપકે રોનેવાલે, રખના છિપાકે દિલ કે છાલે રે;
યે પત્થર કા દેશ હૈ પગલે! કોઈ ન તેરા હોય.
તેરા દરદ ન જાને કોય... પિંજરે૦

- પ્રદીપજી

## પ્રેમનું ગાણું ગાશું રે સઘળે

પ્રેમનું ગાણું ગાશું રે સઘળે, પ્રેમનું ગાણું ગાશું;
ગીતા ગાન ગજવશું રે જગમાં, ગીતા ગાન ગજવશું.

દુઃખમાં પાછા ન હટશું ને સુખમાં ના ફુલાશું,
એકસમા થઈને સુખદુઃખમાં, ગીત પ્રભુના ગાશું રે... પ્રેમનું૦

ઝંઝાવાતોથી ના ડરશું, તોફાનોથી લડશું,
નિષ્ઠા સાચી દિલમાં રાખી, કામ પ્રભુનાં કરશું રે... પ્રેમનું૦

ઘેર ઘેર જઈને પ્રભુજીનું, પ્રેમે સ્થાપન કરીશું,
પ્રભુપ્રેમ વીસરી જઈને ના ભોજન કો'દિ કરશું રે... પ્રેમનું૦

રોજ રોજ સ્વાધ્યાય કરીને, સૌ જીવન પુષ્પ ખીલવશું,
વિશ્વ વિરુદ્ધ એકલ ઊભા રહી, એક જ વાત ઊચરશું રે... પ્રેમનું૦

સંત તણા પંથે ચાલીને, ઈશ કૃપા મેળવશું!



## દિલને વિશાળ તું બનાવ

દિલને વિશાળ તું બનાવ, આકાશ એ સમજાવે. (ટેક)

મનની મોટાઈ તને મોટો બનાવશે,
દોષો સકલના તું દિલમાં છુપાવશે;
થઈ જાશે તું તો ભગવાન. આકાશ એ સમજાવે.

સુખમાં ફૂલીને વૃથા ફાળકો બને છે તું,
થઈને ગુમાની સદા શાનો ફરે છે તું;
સુખ નહીં સદા રહેનાર. આકાશ એ સમજાવે.

દુઃખમાંહી દીન બની આંસુ વહાવે તું,
થઈને હતાશ સદા હૈયે રડે છે તું;
દુઃખના દિવસ છે બે-ચાર. આકાશ એ સમજાવે.

વાયુ ને મેઘ બધા વ્યોમે વિચરતા,
તોયે જરીક ના એ આભને અડકતા;
થઈ જા અનંત અપાર. આકાશ એ સમજાવે.

- હરિભાઈ કોઠારી

## અભિલાષા

ભલે બળું પણ જગ અજવાળું,
દિલે તમન્ના મારી;
દીપક જેવી દૃષ્ટિ આપો,
એ જ પ્રાર્થના મારી.

સૂરજનો સંદેશો લઈને, ઘર ઘરમાં છે જાવું;
હું જ કોડિયું, હું જ દીવડો, હું જ મને પ્રગટાવું;
જતાં આવતાં છોને મુજને ગલી મળે અંધારી... દીપક૦

તિમિર મહીં હું તેજ ભરું ને બનું અંધારી આંખો,
મારી જીવન જ્યોતિથી પ્રગટાવું દીપક લાખો;
પ્રકાશ કેરું પર્વ બનીને બનું ચેતના પ્યારી... દીપક૦

વિચારનું દીવેલ પૂરી દો, પાંડુરંગ તવ હાથે,
તોફાની વાયુની વચ્ચે સદાય રહેજો સાથે;
તેજપુંજથી આત્મા પ્રગટે અંગ અંગમાં ન્યારી... દીપક૦

## કાગડાની ચતુરાઈ વિષે

ઊંડું પાણી કૂજનું ઉપર લેવા કાજ,
કંકર નાખી કાગડે, પાણી પીધું આજ.

ધીરજ ને ચતુરાઈથી, કામ કઠણ જે હોય
જલદી પાર મુકાય છે, ભલે કરી સૌ જોય.



## કોડિયું

કોડિયું નાનું ભલેને હું!
સદાયે રહું છું ઝગમગતું... કોડિયું૦

સૂરજ પાસેથી શીખ સૌને મળે છે :
માર્ગ બતાવનારે બળવું પડે છે;
હું સાક્ષાત્ સૂરજનો સંદેશો છું... કોડિયું૦

જગ આખું બગડ્યું છે, કોણ એ સુધારે?
દંભી ને કામચોર એવું વિચારે.
તિમિર દેખાયે નિરાશાનું... કોડિયું૦

'મારાથી થાય શું?' કદી ના વિચારું,
શક્તિ મારી બધી કામે લગાડું;
થઈને નાનો જગને હું અજવાળું... કોડિયું૦

સામટું આવે ભલે જગનું અંધારું,
તોયે હૈયાની હિમ્મત ન હારું;
સંતાન આખર તો સૂર્ય તણું છું,
કોડિયું નાનું ભલેને હું... કોડિયું૦

## ચોખ્ખાઈ

ચોખ્ખો મારો ઓટલો
ચોખ્ખો ઘરનો ચોક,
ચોખ્ખાં લૂગડાં જોઈને
ચોખ્ખો કહે સૌ લોક;
ચોખ્ખું મારું મુખડું,
ચોખ્ખા મારા હાથ,
ચોખ્ખું મારું ઉર ત્યાં,
બેસે જગનો નાથ.

## ચોરી વિષે

જે નર ચોરી જઈ કરે, સમજી તેમાં સુખ
પાછળથી પસ્તાય છે, દેખે જ્યારે દુઃખ.

ચોરી ચાહન થાય છે, જ્યારે ચોર ઝલાય;
બાંધી મારે મહીપતિ, છેક ફજેત થાય.

## જૂઠ અને સાચ વિષે

જૂઠું બોલે છે જે કદી, પાપી પૂરો થાય;
તે માટે બાળક તમે, ન કરો એ ઉપાય.

સાચામાં સુખ છે ઘણું, સાચે સૌનો સ્નેહ;
સાચે રાચે જગપતિ, સાચે શોભે દેહ.



## થોડું થોડું ભણવા વિષે

ભણતાં પંડિત નીપજે, લખતાં લહિયો થાય;
ચાર ચાર ગાઉ ચાલતાં, લાંબો પંથ કપાય.

પોપટ પણ અભ્યાસથી શીખે બોલતાં બોલ;
કાયર થઈ આળસ કરે તે નર ખરને તોલ.

કૂવા પરના કઠણ જે પાકા કાળા પાણ,
દોરડીએ છેદાય છે, એ લેવું એંધાણ.

## ફૂલ અને કાંટા

કાંટાનું કામ ભલે કાંટા કરે,
ફૂલડાં તો ઠેર ઠેર મહેક્યા કરે!

હોય ભલે પુષ્પ સંગ એનો સથવારો,
તોયે કાંટો કદી ન કોમળ થાયે;
સૌના સ્વભાવે સૌ સહેજે સરે... ફૂલડાં૦

કાંટાના શિરે કપાસ રખે ઢાંકો,
તોયે સોંસરવો એ વાગે થઈ વાંકો;
તોયે કાંટો કદી ના કરમાં ધરે... ફૂલડાં૦

દુનિયામાં દંગલ મચાવે છે કાંટા;
ફૂલડાં લપેટાતાં જખ્મે થઈ પાટા;
વીંધાશે તોયે મધ મીઠું ઝરે... ફૂલડાં૦

અંતરની દુનિયાને કાંટો શું જાણે?
ફૂલડું બને તો હૂંફ હૈયાની માણે!
કંટક સુગંધ નહિ ક્યાંયે ભરે,
ફૂલડાં તો ઠેર ઠેર મહેકે... ફૂલડાં૦

## માબાપની સેવા વિષે

ઘરડાં લૂલાં આંધળાં, ગરીબ મા ને બાપ;
માધવ તેનો દીકરો, સેવા કરે અમાપ.... ૧

માધવને માબાપ કે' : સાંભળ મનની વાત;
ધન ને આંખો હોત તો, તીરથ કરવા જાત.... ૨

મન પરખી માબાપનું, કરવા ધારી સુખ;
કાવડ કરીને ફેરવું, તો જાયે આ દુઃખ.... ૩

મનસૂબો એવો કરી, કરી કાવડ તૈયાર;
બે પાસે બેસાડિયાં માતાપિતા તે વાર.... ૪

ખાંધે કાવડ ભેરવી, તીરથ કરવા જાય;
માધવના આ હેતથી, સૌને અચરજ થાય.... ૫

ધન ધન આવા દીકરા, ધન ધન મા ને બાપ;
દીકરા સારા હોય તો, રહે નહિ સંતાપ.... ૬

સઘળાં તીરથ ફેરવી, ઘેર ગયો જે વાર;
માતાપિતા રાજી થયાં, દે આશિષ અપાર.... ૭

ફરજ બજાવી દીકરે, કીધી પ્રભુએ મે'ર;
સુખ આપે માબાપને, થાયે લીલા લે'ર.... ૮



## માબાપને ભૂલશો નહીં

ભૂલો ભલે બીજું બધું, મા-બાપને ભૂલશો નહીં;
અગણિત છે ઉપકાર એમના એહને વીસરશો નહીં.

પથ્થર પૂજ્યા પૃથ્વી તણા, ત્યારે દીઠું તમ મુખડું;
એ પુનિત જનનાં કાળજાં પથ્થર બની છૂંદશો નહીં.

કાઢી મુખેથી કોળિયો મોંમાં દઈ મોટા કર્યા;
અમૃત તણાં દેનાર સામે ઝેર ઊગળશો નહીં.

લાખો લડાવ્યા લાડ તમને, કોડ સૌ પૂરા કર્યા;
એ કોડનાં પૂરનારના કોડને ભૂલશો નહીં.

લાખો કમાતા હો ભલે, માબાપ જેથી ના ઠર્યા,
એ લાખ નહીં પણ રાખ છે એ માનવું ભૂલશો નહીં.

સંતાનથી સેવા ચહો, સંતાન છો સેવા કરો;
જેવું કરો તેવું ભરો એ ભાવના ભૂલશો નહીં.

ભીને સૂઈ પોતે અને સૂકે સુવાડ્યા આપને,
એ અમીમય આંખને ભૂલથીય ભીંજવશો નહીં.

પુષ્પો બિછાવ્યાં પ્રેમથી જેણે તમારા રાહ પર,
એ રાહબરના રાહ પર કંટક કદી બનશો નહીં.

ધન ખરચતાં મળશે બધું, માતાપિતા મળશે નહીં;
પલ પલ 'પુનિત' એ ચરણની ચાહના ભૂલશો નહીં.

## જનનીની જોડ સખી નહિ જડે રે લોલ

જનનીની જોડ સખી! નહિ જડે રે લોલ.

મીઠાં મધુ ને મીઠા મેહુલા રે લોલ,
એથી મીઠી તે મોરી માત રે... જનનીની જોડ૦

પ્રભુના એ પ્રેમ તણી પૂતળી રે લોલ,
જગથી જુદેરી એની જાત રે... જનનીની જોડ૦

અમીથી ભરેલી એની આંખડી રે લોલ,
વહાલથી ભરેલાં એનાં વેણ રે... જનનીની જોડ૦

જગનો આધાર એની આંગળી રે લોલ,
કાળજામાં કૈંક ભર્યા કોડ રે... જનનીની જોડ૦

ચિતડું ચડેલ એનું ચાકડે રે લોલ,
પળના બાંધેલ એના પ્રાણ રે... જનનીની જોડ૦

ગંગાનાં નીર તો વધે ઘટે રે લોલ,
સરખો એ પ્રેમનો પ્રવાહ રે... જનનીની જોડ૦

વરસે ઘડીક વ્યોમ વાદળી રે લોલ,
માડીનો મેઘ બારે માસ રે... જનનીની જોડ૦



## સવાર વિષે

જાગ મુજ વા'લા બાળ, પંખી વન બોલે. (ટેક)

વા'ણું થયું વીતી રાત, પૂર્વે થયો ઝગઝગાટ;
રંગ દીસે ભાત ભાત, ઝાડપાન ડોલે. જાગ૦

કૂકરે કૂક કૂકડા, કા કા કરે કાગડા;
મેના પોપટ ફૂટડાં, મોર મધુર બોલે. જાગ૦

ચંદ્ર તેજ ફીકું પડ્યું, તારા તેજ ઊડી ગયું;
ચોરમોઢું કાળું થયું, ખૂણા ખાંચા ખોળે. જાગ૦

ભક્તજનો ધરે ધ્યાન, ગવૈયાઓ કરે ગાન;
દાતા દીએ રૂડું દાન, મુલ્લાં બાંગ બોલે. જાગ૦

સૂરજ તણો ઉદય થયો, રાતનો અંધકાર ગયો;
ભ્રમર ગૂં ગૂં કરી રહ્યો, કમળપત્ર ખોલે. જાગ૦

તડકો જેમ વધતો જાય, માણસો ઉમંગી થાય;
આકાશે પંખેરુ ધાય, ઢોર ચારો ખોળે. જાગ૦

ઝાડ, વેલી, ફળ ને ફૂલ, ધીમે ખીલે નહિ ભૂલ;
ખાવા જાય તાજાં તુલ, પક્ષી બહુ ટોળે. જાગ૦

ઊઠ વીરા! મગન થઈ, પ્રભુ કેરું નામ લઈ;
વાંચ પાઠ ધ્યાન દઈ, એમ માત બોલે. જાગ૦

## ત્રિકાલ-સંધ્યા

તમે ત્રણ વાતો રાખજો યાદ,
જીવનમાં લાવવા મીઠો સ્વાદ... તમે૦

પ્રભુને સ્મરજો શ્વાસે શ્વાસ,
સૂતાં ઊઠતાં જમતાં ખાસ,
જીવન ગણજો પ્રભુનો પ્રસાદ... તમે૦

પ્રભાતે ઊઠતાંની સાથે
નીરખજો નિજનો જમણો હાથ;
સુણજો ઋષિ-મુનિઓનો સાદ... તમે૦

કરના મૂળમાં શારદા માત,
આંગળે લક્ષ્મી છે સાક્ષાત્;
હથેળીએ હરિ સદા હયાત... તમે૦

કાંડે બુદ્ધિ જ્ઞાન ઉપદેશ,
આંગળાં કર્મ તણો સંદેશ,
હથેળીમાં ભક્તિનો નાદ... તમે૦

ભોજન માનજો પ્રભુનો પ્રસાદ,
આવશે તેથી મીઠો સ્વાદ;
જમતાં કરજો કનૈયાને યાદ... તમે૦

સૂતાં પહેલાં સ્મરજો રામ,
ઈશના ખોળે ખરો આરામ,
તન-મન ધરજો પ્રભુને પાદ;
તમે ત્રણ વાતો રાખજો યાદ... તમે૦



## નવા વર્ષને ટાણે

સંદેશ નવા વર્ષ તણો :
જ્યાં અંધારું ત્યાં દીપ ઝગ્યો,
ઘર ઘરમાં રંગોળી પૂરો;
ઘટ ઘટમાંથી કાઢો કચરો,
રાગદ્વેષના ફટાકડાને હસતાં હસતાં હણો. – સંદેશ૦

જગને ઝગમગતું રે કરવા,
શુભ સંકલ્પો ઉરમાં ધરવા;
જો પ્રયાસ હશે અંતરનો
તો સંકલ્પો સાકાર થશે. – સંદેશ૦

જાળાં કાઢું હું અવગુણનાં,
તોરણ બાંધું સદ્ગુણનાં,
ઉર-આંગણ શણગારું, રંગ ભરું શ્રીરામ તણા. – સંદેશ૦

શ્રી ને સરસ્વતીનું પૂજન,
રિદ્ધિ સિદ્ધિનું અર્ચન;
દૂર કરું હું તિમિર જગતનું ભક્ત બનીને પ્રભુનો,
સંદેશ નવા વર્ષ તણો-

## આંધળી માનો કાગળ

અમૃત ભરેલું અંતર જેનું, સાગર જેવડું સત,
પૂનમચંદના પાનિયા આગળ ડોશી લખાવે ખતઃ
ગગો એનો મુંબઈ ગામે, ગીગુભાઈ નાગજી નામે. ૧

લખ્ય કે, માડી! પાંચ વરસમાં પહોંચી નથી એક પાઈ,
કાગળની એક ચબરખી પણ મને મળી નથી, ભાઈ!
સમાચાર સાંભળી તારા રોવું મારે કેટલા દા'ડા? ૨

ભાણાનો ભાણિયો લખે છે : ગગુ રોજ મને ભેળો થાય,
દન આખો જાય દાડિયું ખેંચવા, રાતે હોટલમાં ખાય;
નિત નવાં લૂગડાં પે'રે, પાણી જેમ પૈસા વેરે. ૩

હોટલનું ઝાઝું ખાઈશ મા, રાખજે ખરચીખૂટનું માપ,
દવાદારૂના દોકડા આપણે કાઢશું ક્યાંથી, બાપ!
કાયા તારી રાખજે રૂડી, ગરીબની એ જ છે મૂડી. ૪

ખોરડું વેંચ્યું ને ખેતર વેચ્યું, કૂબામાં કર્યો છે વાસ,
જારનો રોટલો જડે નહિ તે દિ' પીઉં છું એકલી છાશ;
તારે પકવાનનું ભાણું, મારે નિત જારનું ખાણું. ૫

દેખતી તે દિ' દળણાં-પાણી કરતી ઠામેઠામ,
આંખ વિનાનાં આંધળાંને હવે કોઈ ન આપે કામ;
તારે ગામ વીજળીદીવા, મારે આંહી અંધારાં પીવાં. ૬

લિખિતંગ તારી આંધળી માના વાંચજે ઝાઝા જુહાર,
એકે રહ્યું નથી અંગનું ઢાંકણ, ખૂટી છે કોઠીએ જાર;
હવે નથી જીવવા આરો, આવ્યો ભીખ માગવાવારો. ૭

- ઇંદુલાલ ગાંધી



## દેખતા દીકરાનો જવાબ

(શ્રી ઇન્દુલાલ ગાંધીના 'આંધળી માનો કાગળ' કાવ્યનો
શ્રી મીનુ દેસાઈએ લખેલો જવાબ)

દુઃખથી જેનું મોઢું સુકાયેલું, ચહેરે કૂંડાળાના પટ,
ઝવેરચંદના ઝીણિયા આગળ ગગો લખાવતો ખત :
માડી એની અંધ બિચારી, દુઃખે દા'ડા કાઢતી કારી. ૧

લખ્ય કે ઝીણા, માફી પહેલી માગી લઉં છું હું આજ,
જ્યારથી વિખૂટો પડ્યો હું તારાથી ગમે ના કામ કે કાજ;
હવે લાગે જીવવું ખારું, નિત લાગે મોત જ પ્યારું. ૨

ભાણાના ભાણિયાની એક વાત માવડી છે સાવ સાચી,
હોટલમાં જઈ ખાઉં બે આનામાં પલેટ અરધી કાચી;
નવાં જો હું લૂગડાં પહેરું, કરું ક્યાંથી પેટનું પૂરું? ૩

દનિયું મારું પાંચ જ આના, ચાર તો હોટલે જાય,
એક આનાની ચાહ બીડી, માડી! બચત તે કેમ થાય?
કરું ક્યાંથી એકઠી મૂડી? કાયા કેમ રાખવી રૂડી? ૪

પાંચ આનાની મૂડીમાંથી હવે સંઘરીશ રોજના બે,
મોકલી આપીશ માસને છેડે હું રકમ બચશે જે;
જેથી કંઈક રાહત થાશે, કદી હાથ લાંબો ન થાશે. ૫

માસે માસે કંઈક મોકલતો જઈશ તહારા પોષણ કાજ,
પેટગુજારો થઈ જશે માડી! કરતી ના કામકાજ;
કાગળ ન ચૂકીશ માસે, લખાવીશ ઝીણિયા પાસે. ૬

લિખિતંગ ત્હારા ગીગલાના માડી! વાંચજે ઝાઝા પ્રણામ,
દેખતી આંખે અંધ થઈ જેણે માડીનું લીધું ના નામ;
દુઃખી તું ના દિલમાં થાજે, ગોવિંદનાં ગીતડાં ગાજે. ૭

## અલ્લા બેલી

અલ્લા બેલી, અલ્લા બેલી,
જાવું જરૂર છે,
બંદર છો દૂર છે!
બેલી તારો, બેલી તારો,
બેલી તારો તું જ છે,
બંદર છો દૂર છે!
ફંગોળે તોફાની તીખાતા વાયરા,
મૂંઝાયે અંતરના હોયે જે કાયરા;
તારા હૈયામાં જો સાચી સબૂર છે,
છોને એ દૂર છે!
આકાશી નૌકાને વીજ દેતી કાટકા,
તારી નૌકાનેય દેતી એ ઝાટકા;
મધદરિયો મસ્તીમાં છોને ચકચૂર છે,
બંદર છો દૂર છે!
આંખોના દીવા બુઝાવે આ રાતડી;
ધડકે ને ધડકે જે છોટેરી છાતડી;
તારી છાતીમાં જુદેરું કો શૂર છે,
છોને એ દૂર છે!
અલ્લા બેલી, અલ્લા બેલી,
જાવું જરૂર છે,
બંદર છો દૂર છે!
બેલી તારો, બેલી તારો,
બેલી તારો તું જ છે,
બંદર છો દૂર છે!

- સુંદરજી બેટાઈ



## શિક્ષણ ?

આ સઘળાં ફૂલોને કહી દો યુનિફોર્મમાં આવે,
પતંગિયાઓને પણ કહી દો સાથે દફતર લાવે.

મન ફાવે ત્યાં માછલીઓને આમ નહીં તરવાનું,
સ્વીમિંગપુલના સઘળા નિયમોનું પાલન કરવાનું.

દરેક કૂંપળને કૉમ્પ્યુટર ફરજિયાત શીખવાનું,
લખી જણાવો વાલીઓને તુર્ત જ ફી ભરવાનું.

આ ઝરણાંઓને સમજાવો સીધી લીટી દોરે,
કોયલને પણ કહી દેવું : ના ટહુકે ભરબપ્પોરે.

અમથું કૈં આ વાદળીઓને ઍડમિશન દેવાનું?
ડૉનેશનમાં આખ્ખેઆખ્ખું ચોમાસું લેવાનું.

એક નહીં પણ મારી ચાલે છે અઠ્ઠાવન સ્કૂલો,
'આઉટડેટ' થયેલો વડલો મારી કાઢે ભૂલો!

- કૃષ્ણ દવે

## આરોગ્ય-ગીત

રોજ સવારે વહેલા ઊઠી, રામને ભજવા ભૂલશો નહીં;
કામ ગમે તે હોય, છતાંયે હાજતને કદી રોકશો નહીં.

દાંત સદાયે સાફ જ રાખો, કોગળા કરવા ભૂલશો નહીં;
આંખે ઠંડું પાણી છાંટો, કાન કદી ખોતરશો નહીં.

શરીર સારું ચોળીને નહાજો, ડીલ લૂછવું ભૂલશો નહીં;
વાળ ઓળીને સાફ રાખજો, સંભાળ એની ભૂલશો નહીં.

નખમાં મેલ ભરાઈ રહે છે, માટે વધવા દેશો નહીં;
કાયમ કસરત મળે એવું કામ કરવું ભૂલશો નહીં.

સાદો ને તાજો ખોરાક લેજો, ચાવીને ખાવું ભૂલશો નહીં;
ખુલ્લી હવામાં ફરવા જાજો, ગંદાં કપડાં પહેરશો નહીં.

ચોખ્ખું ગાળેલું પાણી પીજો, ઢચક ઢચક કદી પીશો નહીં;
ગળ્યું ને તળ્યું ઓછું ખાજો, ઉપાધિ ઝાઝી કરશો નહીં.

બેસતાં ઊઠતાં ચાલતી વેળા, ટટ્ટાર રહેવું ભૂલશો નહીં;
બને તેટલા વહેલા સૂજો, જ્યાં ત્યાં રાત્રે ભટકશો નહીં.

સૂતી વખતે ધ્યાન પ્રભુનું ધરવું કદીએ ભૂલશો નહીં;
આટલું હંમેશાં કરશો તો, કોઈ દિન માંદા પડશો નહીં.



## રાત્રે રોજ વિચારો

રાત્રે રોજ વિચારો આજ કમાયા શું અહીં રે?
શાંત પળે અવલોકો નિજ ઘરમાં ઊંડે જઈ રે. રાત્રે૦ ...૧

કરવાનાં શાં કાર્યો કીધાં, નહિ કરવાનાં ક્યાં તજી દીધાં?
લાભ-ખોટમાં વધેલ બાજુ છે કઈ રે? રાત્રે૦ ...૨

જે જે આજે નિશ્ચય કરિયા, અમલ વિષે કેવા તે ધરિયા?
સુધરવાનું વિશેષ મારે ક્યાં જઈ રે? રાત્રે૦ ...૩

લેવાનું શું શું મેં લીધું? તજવાનું શું શું તજી દીધું?
કઈ બાજુથી મારી ભૂલ હજી રહી રે? રાત્રે૦ ...૪

કરું કરું કરતાં કાંઈ નથી કરતો! ધ્યાન પ્રભુનું હજી નથી ધરતો,
વાતો કરતાં શુભ વેળા જાયે વહી રે. રાત્રે૦ ...૫

જન્મ ધર્યો છે જેને માટે મન હજુ કર્યું ન તેને માટે,
સંત-શિષ્ય શો જવાબ આપીશ, ત્યાં જઈ રે? રાત્રે૦ ...૬

## અન્યોક્તિ

ઊંટ કહે : આ સમામાં, વાંકાં અંગવાળાં ભુંડાં;
ભૂતળમાં પશુઓ અને પક્ષીઓ અપાર છે;

બગલાની ડોક વાંકી, પોપટની ચાંચ વાંકી
કુતરાની પૂંછડીનો વાંકો વિસ્તાર છે.

વારણની સૂંઢ વાંકી, વાઘના છે નખ વાંકા;
ભેંસને તો શિર વાકાં, શિંગડાંનો ભાર છે.

સાંભળી શિયાળ બોલ્યું, દાખે દલપતરામ;
''અન્યનું તો એક વાંકું, આપના અઢાર છે.''

*- કવિ દલપતરામ*

## સાચ વિષે

સહીએ સંકટ સર્વ પણ, કહીએ સાચી વાત,
લઈએ સુખ પરલોકમાં, રહીએ સુખી દિનરાત.

સાચું તે શુભ છે સદા, જૂઠે દુઃખ દેખાય,
ક્રોડ ઉપાય કરી જુઓ, સાચેથી સુખ થાય.

સાચે કામ સરે સદા, જૂઠે નક્કી ન થાય,
કાગળની હોડી કરો, તેથી સિંધુ ન તરાય.



# વિભાગ-૩

## રાષ્ટ્રભક્તિ - શૌર્ય - બલિદાન



## જય જય બોલો હિન્દુસ્તાન!

હર હર હર મહાદેવ પુકારો, અલ્લાહ અકબર રહેમાન;
હિન્દુ મોસલીમ એક થઈને જય જય બોલો હિન્દુસ્તાન!

આ ભૂમિ આપણી, દેશ આપણો, એ પર જાન કરો કુરબાન,
ત્રીસ કોટિ ભારતનાં તનુજો, જય જય બોલો હિન્દુસ્તાન!

એક કુટુંબી ભાઈ આપણે, માતા ભારતનાં સંતાન,
હિંદુ, પારસી, મુસલમીન સૌ, જય જય બોલો હિન્દુસ્તાન!

મંદિર ને મસ્જિદ બન્ને છે ઈશ્વર કેરાં ઊંચાં ધામ;
ભાઈ ભાઈમાં ભેદ ન હોયે, જય જય બોલો હિન્દુસ્તાન!

પુનઃ આપણી ભારતમાતા જગમાં પામે ઊંચું સ્થાન,
વિશ્વ સકળની ધર્મમાત એ, જય જય બોલો હિન્દુસ્તાન!

એક નેક ને એક ટેકથી કરો એકતા કેરું પાન;
રગ રગમાં સત્યાગ્રહ રેડી, જય જય બોલો હિન્દુસ્તાન!

ધમ ધમ ધમ ધમ ધરા ધ્રુજાવો, ફરકાવો ઊંચાં નિશાન;
સ્વરાજ્યના ડંકા ગગડાવી, જય જય બોલો હિન્દુસ્તાન!

દૈવી યુદ્ધના શાંત સૈનિકો! સ્થૂળ બળનું હરવા અભિમાન,
સ્વાર્પણ કેરાં શસ્ત્ર સજીને, જય જય બોલો હિન્દુસ્તાન!

તલવારો, બંદૂક, ભાલાથી ઊંચાં છે આત્માનાં સ્થાન;
શરીર પડે પણ એ તો અમ્મર, જય જય બોલો હિન્દુસ્તાન!

વિજયમાળ લઈ સ્વર્ગસુંદરી તત્પર છે કરવા સન્માન;
માતૃવેદિમાં પ્રાણ અર્પીને, જય જય બોલો હિન્દુસ્તાન!

હર હર હર મહાદેવ પુકારો, અલ્લાહ અકબર રહેમાન;
હિન્દુ મોસલીમ એક થઈને, જય જય બોલો હિન્દુસ્તાન!

- ચંદુલાલ દેસાઈ

## મંત્ર : વન્દે માતરમ્

શુદ્ધ સુંદર અતિ મનોહર મંત્ર વન્દે માતરમ્;
મૃદુલ સુખકર દુઃખહારી મંત્ર વન્દે માતરમ્.

મંત્ર યહ હૈ તંત્ર યહ હૈ જંત્ર વન્દે માતરમ્;
સિદ્ધિદાયક બુદ્ધિદાયક એક વન્દે માતરમ્.

ઓજમય બલકાંતિમય સુખ શાંતિ વન્દે માતરમ્;
મતિપ્રદાયક અતિસહાયક મંત્ર વન્દે માતરમ્.

હરઘડી હરબાર હો હરનામ વન્દે માતરમ્;
હરદમ હંમેશાં બોલીએ ગુરુમંત્ર વન્દે માતરમ્.

જપીએ નિરંતર શુદ્ધ મન સે મંત્ર વન્દે માતરમ્;
સોતે સમય ખાતે સમય કલગાન વન્દે માતરમ્.

આઠોં પ્રહર દિલમેં રહે મૃદુ તાન વન્દે માતરમ્;
મુખ સે હૃદય સે રાત દિન હો જાપ વન્દે માતરમ્.

તેગ સે શિર ભી કટે ભૂલો ન વન્દે માતરમ્;
મૌત કી ઘડિયાં ગુંજા દો નાદ વન્દે માતરમ્.

જેલ મેં હો તો જપો શુભ જાપ વન્દે માતરમ્;
બેડિયાં ઝંકાર દે શુભ તાન વન્દે માતરમ્.

બન્દૂક ગોલી તોપ કી હૈ આડ વન્દે માતરમ્;
તેગ બરછી કે લિયે હૈ ઢાલ વન્દે માતરમ્.

કર્ણ કા દૃઢ કવચ હૈ એક શબ્દ વન્દે માતરમ્;
વિશ્વવિજયી શત્રુવિજયી મંત્ર વન્દે માતરમ્.

- નારસિંગદેવ



## સારે જહાં સે અચ્છા હિન્દોસ્તાં હમારા

સારે જહાં સે અચ્છા હિન્દોસ્તાં હમારા ।
હમ બુલબુલેં હૈં ઉસકી, વહ ગુલિસ્તાં હમારા ॥ ધ્રુ૦ ॥

ગુરબત મેં હોં અગર હમ, રહતા હૈ દિલ વતન મેં ।
સમઝો વહીં હમેં ભી, દિલ હો જંહાં હમારા ॥ ૧ ॥

પરબત વહ સબ સે ઊંચા, હમસાયા આસમાં કા ।
વહ સંતરી હમારા, વહ પાસબાં હમારા ॥ ૨ ॥

ગોદી મેં ખેલતી હૈ જિસકી હઝારોં નદિયાં ।
ગુલશન હૈ જિનકે દમ સે રશ્કે-જિનાં હમારા ॥ ૩ ॥

હે આબે-રૂદે-ગંગા, વહ દિન હૈ યાદ તુઝકો ।
ઉતરા તેરે કિનારે જબ કારવાં હમારા ॥ ૪ ॥

મઝહબ નહીં સિખાતા આપસ મેં બૈર રખના ।
હિન્દી હૈં હમ, વતન હૈ હિન્દોસ્તાં હમારા ॥ ૫ ॥

યૂનાનો મિસ્રો રૂમા સબ મિટ ગયે જહાં સે ।
અબ તક મગર હૈ બાકી, નામોનિશાં હમારા ॥ ૬ ॥

કુછ બાત હૈ કિ હસ્તી મિટતી નહીં હમારી ।
સદિયોં રહા હૈ દુશ્મન દૌરે-જમાં હમારા ॥ ૭ ॥

ઈકબાલ કોઈ મહરમ અપના નહીં જહાં મેં ।
માલૂમ ક્યા કિસી કો દર્દે-નિહાં હમારા ॥ ૮ ॥

- મોહમ્મદ ઈકબાલ

# ભરતભૂમિનું જયગીત

ભરતભૂમિના શૂર પુત્ર તે રહ્યા અમે શું રડી રડી,
રહ્યા અમે શું રડી રડી!
ખળભળતા ઊછળે બીજા ત્યાં રહ્યા અમે શું પડી રહી,
રહ્યા અમે શું પડી રહી?

શું ગયા રામ ને કૃષ્ણ અમારા વીરા?
ભીમાર્જુન આદિ ગયા શું પાંડવ ધીરા?
શું ગયા દ્રોણ ને કર્ણ ભીષ્મ ભડ ગાજી?
પૃથુ જયમલ સિદ્ધ પ્રતાપ અને શિવાજી
એ સહુ વીરોએ વરસાવી જ્યાં શૌર્ય તણી ખૂબ ઝડી ઝડી,
શૌર્ય તણી ખૂબ ઝડી ઝડી!
- ભરતભૂમિના ૦

ક્યાં ગંગા જમુના વળી બ્રહ્મપુત્રા તે,
ક્યાં સિંધુ તાપી નર્મદા સાભ્રમતી ક્યાં તે,
ક્યાં કૃષ્ણા ગોદાવરી અને કાવેરી,
ક્યાં મહા નદી ને મહી વીરલી ઘણેરી?
એ સર્વ નદીનું પૂર ઊછળતું ગયું હવે શું ચડી ચડી,
ગયું હવે શું ચડી ચડી?
- ભરતભૂમિના ૦

ક્યાં ગયું બ્રહ્મનું તેજ, શૌર્ય ક્ષત્રીનું?
ક્યાં ગઈ વૈશ્યની વૃત્તિ, થયું સૌ હીણું?
શું ગયા શૂર રાજપૂત, ધરા ધ્રૂજાવી?
શું ગયા મરાઠા વીર આણ વરતાવી?
એ સહુની હવે શું કથી કથીને વાત જ કરશું બડી બડી,
વાત જ કરશું બડી બડી?
- ભરતભૂમિના ૦



શી યુરોપ કેરી ધજા આજ ફરકાયે!
શી વૃદ્ધિ કરી છે આજ અમેરિકાએ!
જાપાન મચ્યું શું આજ ધરા કંપાવી,
જગ જોઈ રહ્યું છે શૌર્ય, કુતુક દર્શાવી!
ઓ અમે ત્યારે શું સૂતા થાકી ખૂબ પરસ્પર લડી લડી,
ખૂબ પરસ્પર લડી લડી?
- ભરતભૂમિના ૦

શું હૃદય થયાં છે આજ શૂન્ય કંઈ એવાં,
લાગે ન કટુ વચનબાણ, વજ્રના જેવાં!
શું ગયું હશે ચૈતન્ય, જડત્વ સમાયું,
શું દેશભક્તિનું પ્રેમઝરણ સુકાયું?
રે વીર બંધુઓ! એ દીન શબ્દો સુણીશું ક્યાં સુધી ઘડી ઘડી,
સુણીશું ક્યાં સુધી ઘડી ઘડી?
- ભરતભૂમિના ૦

શું પડીશું નહિ મેદાન, શૌર્યથી ઘૂમવા,
શત્રુને નાખવા હેઠ, પાદરજ ચૂમવા?
કેસરિયાં ધરીને અંગ ઉમંગ ઉમળકે,
શું ઘૂમીશું નહિ રણમાંય રુધિર ઉછળકે?
શું બુઠ્ઠી થઈ તલવાર અમારી ફરી ન થાશે ખડી ખડી,
ફરી ન થાશે ખડી ખડી?
- ભરતભૂમિના ૦

અમ હૃદય શૌર્યઅંગાર નથી હોલાયો,
સમયે દાવાનળ સમો ઊલટશે ચાહ્યો;
ભારતની ધજાની હેઠ અમે ઘૂમીશું,
જયજયજય જયકાર રણે જ કરીશું;
એ આશા અમારી જયગીતે ને જયડંકાએ જડી જડી,
જયડંકાએ જડી જડી!
- ભરતભૂમિના ૦

- ખબરદાર

## કોની કોની છે ગુજરાત?

કોની કોની છે ગુજરાત?

પૂર્વજ જેના જે વળી આજે જન્મથકી ગુજરાતી વધ્યા;
કોઈ રીતની તોપણ ને વળી આર્ય ધર્મને રાખી રહ્યા.

તેની તેની છે ગુજરાત,
પછી હોય ગમે તે જાત;
તેની તેની છે ગુજરાત.

વળી પરદેશી બીજા જેને ભૂમિએ પાળી મોટા કર્યા;
પરધર્મી પણ હિત ઈચ્છનારા માત તણું તે ભાઈ ઠર્યા.

તેની તેની છે ગુજરાત,
પછી હોય ગમે તે જાત;
તેની તેની છે ગુજરાત.

નર્મદ કે' ગુજરાતી ભાઈયો, માતને અર્થે સંપ ધરે;
ખંતે બંધન તોડી રણે સઉ ઝૂઝી જયસુખ જમે ભરે.

પ્રેમ શૌર્યને કરી પ્રખ્યાત,
તે તે સઉની છે ગુજરાત;
તે તે સઉની છે ગુજરાત.

- કવિ નર્મદ



## ગુજરાતનું ભાવિ ગૌરવ

સૂણ, ગરવી ગુજરાત, વાત કંઈ કહું હું કાનમાં;
સમજુ છે તું સુજાત, સમજશે સહજ સાનમાં.

× × ×

ગઈ ગુજરી જા ભૂલી, શોક તેના શા કરવા?
મરતાં ગઈ તું બચી, વળી કાં સૂએ મરવા?
તજ મિથ્યા કલ્પાંત, હામ હૈડે ધર માતા;
કર સજીવન નિજ વતન, શિર ઉપર છે સુખદાતા.

પૂર્વજન્મનાં પાપ, નર્મદાજળ શુદ્ધ કરશે,
નવીન જન્મ શૂરવીર થકી એ ખોળો ભરશે;
હું ક્યાં જોવા રહું, નવીન એ જન્મ જ તારો?
માતા! દુઃખ મૂંઝવણે ગાળી નાખ્યો જન્મારો.

હશે, ન મુજ મન દુઃખ વિશેષે એક વિષેનું;
અર્પી દઉં સો જન્મ, એવડું મા! તુજ લ્હેણું.
સો આપું લઈ એક, સહસ્ર આપું એકે;
ગુર્જર દેશ ફરી જોઉં, દીપતો સત્ય વિવેકે.

પણ તે નિદ હજી દૂર, નથી મારા વારામાં -
મોડે વ્હેલે ભલે, જોગ પડતા સારામાં.
નમન હાલ, ગુજરાત માત! આ સલામ છેલી;
સફળ થજો આશિષ, ભક્ત પુત્રને આપેલી.

- બહેરામજી મલબારી

## કદમ બઢાયે જા

કદમ કદમ બઢાયે જા,
ગીત ખુશી કે ગાયે જા;
યહ જિંદગી હૈ કૌમ કી,
તો કૌમ પે લુટાયે જા.

આઝાદ દેશ હો તેરા,
'જયહિંદ' ગીત ગાયે જા;
તૂ શેરે-હિંદ આગે બઢ,
મરને સે ફિર ભી તૂ ના ડર.

આસમાન તક ઉઠા કે સર,
જોશે વતન બઢાયે જા... આઝાદ૦

હિંમત તેરી બઢતી રહે,
ખુદા તેરી સૂનતા રહે;
જો સામને તેરે ચઢે,
તું ખાક મેં મિલાયે જા.... આઝાદ૦

★ ★ ★

સફળતા જિંદગીની હસ્તરેખામાં નથી હોતી,
ચણાયેલી ઈમારત એના નકશામાં નથી હોતી.



## હમ હોંગે કામયાબ

હોંગે કામયાબ, હોંગે કામયાબ,
હમ હોંગે કામયાબ એક દિન,
હોહો મનમેં હૈ વિશ્વાસ,
પૂરા હૈ વિશ્વાસ.

હમ હોંગે કામયાબ એક દિન.
હોગી શાંતિ ચારો ઓર... (૩)
એક દિન...
હોહો મનમેં હૈ વિશ્વાસ,
પૂરા હૈ વિશ્વાસ.

હોગી શાંતિ ચારોં ઓર એક દિન.
હમ ચલેંગે સાથ સાથ,
ડાલ હાથોમેં હાથ,
હમ ચલેંગે સાથ સાથ એક દિન.
હોહો મનમેં હૈ વિશ્વાસ,
પૂરા હૈ વિશ્વાસ.

હમ ચલેંગે સાથ સાથ એક દિન.
નહીં ડર કિસીકા આજ,
નહીં ભય કિસીકા આજ,
નહીં ડર કિસીકા આજ કે દિન,
હોહો મનમેં હૈ વિશ્વાસ,
પૂરા હૈ વિશ્વાસ.
નહીં ડર કિસીકા આજ કે દિન.

## એક દિન એવો આવશે

એક દિન એવો આવશે,
જ્યારે અમીઝરણાં ઝરતાં પૃથ્વીનેય પલાળશે,
એક દિન એવો આવશે.

કળિકાળમાં પણ વીર એવા આર્યભૂમિમાં પાકશે,
નિજ વીર્યથી ભૂમિભક્તિથી આ સૃષ્ટિનેય ધ્રુજાવશે. એક૦
રામ, અર્જુન, ભીષ્મ જેવા કર્ણ, સંગ પ્રતાપ ને
હમિરાજ, યોગીરાજ, ગુર્જરરાજનેય ભુલાવશે. એક૦
શિબિરાજ, ભગીરથરાજ સમ પરમાર્થજીવન ગાળશે,
મેવાડના ભડ ભીષ્મ ચંદારાજને વિસરાવશે. એક૦
પરબ્રહ્મનિષ્ઠ વસિષ્ઠ વિશ્વામિત્ર ઋષિના પાદને
પ્રેમે નમી નિઃસ્વાર્થ નેતા આર્યદેશ ઉદ્ધારશે. એક૦
આત્મબળ પામી બધા આ પુત્ર ભારતવર્ષના
નિર્ભય તણી મૂર્તિ બની સૌ સ્વાર્થને તુચ્છકારશે. એક૦
આ દેહ કાચો કુંભ આત્મા નિત્ય દિવ્ય પ્રકાશશે,
દૃઢ સત્ય પર એ શત્રુના સંગ્રામમાં સૌ ચાલશે. એક૦
આ દુઃખ ને ભૂખના પડે પોકાર ચારે દિશથી,
ત્યાંથીય મંગળ ગીતના ધ્વનિ મંદ મધુરા ચાલશે. એક૦
મરુ દેશના જેવી ઊજડ ભૂમિ સર્વ ભારતવર્ષની
ફળફૂલથી લચી સુંદરી સમ એકલી અહીં મહાલશે. એક૦
અહીંથી મહાવીર મહારથી ટંકાર કરતા શસ્ત્રના,
પરદેશમાં જઈ રાજ્યના શુદ્ધ ધર્મને શિખવાડશે. એક૦
પૂર્વે થયા ન્હોતા વળી સ્વપ્ને ન તર્ક્યા વીર તે,
આ પૃથ્વીને કરી સ્વર્ગ સર્વે દેવનેય ઉતારશે. એક૦

- મગનભાઈ પટેલ



## સહુ ચલો જીતવા જંગ

સહુ ચલો જીતવા જંગ, બ્યૂગલો વાગે;
યાહોમ કરીને પડો ફતેહ છે આગે. (ટેક)

કેટલાંક કર્મો વિષે ઢીલ નવ ચાલે,
શંકા ભય તો બહુ રોજ, હામને ખાળે;
હજી સમય નથી આવિયો, કહી દિન ગાળે,
જન બ્હાનું કરે નવ સરે, અર્થ કો કાળે;
ઝંપલાવવાથી સિદ્ધિ, જોઈ બળ લાગે. – યાહોમ૦

સાહસે કર્યો પરશુએ પૂરો અર્જુનને,
તે પરશુરામ પરસિદ્ધ રહ્યો નિજ વચને;
સાહસે ઇંદ્રજીત શૂર હણ્યો લક્ષ્મણે,
સાહસે વીર વિક્રમ, જગત સહુ જાણે;
થઈ ગર્દ જંગમાં મર્દ હક્ક નિજ માગે. – યાહોમ૦

સાહસે કોલંબસ ગયો નવી દુનિયામાં,
સાહસે નેપોલ્યન ભીડ્યો યુરપ આખામાં;
સાહસે લ્યુથર તે થયો પોપના સ્હામો,
સાહસે સ્કોટે દેવું રે વાળ્યું જોતામાં;
સાહસે સિકંદર નામ, અમર સહુ જાગે. – યાહોમ૦

- કવિ નર્મદ

## રણનો મારગ

રણનો મારગ છે શૂરાનો, નહિ કાયરનું કામ જોને!
પરથમ પહેલું મસ્તક મૂકી, રાખે વીરનું નામ જોને!

સુત વીત દારા શિષ સમરપે, તે અમૃતરસ પીતા જોને!
જીવનભોગ બળે જોદ્ધાઓ, જંગ પડીને જીત્યા જોને!

મરણ મોખરે થરથર કંપે, દિલની દુગ્ધા વામે જોને!
તીરે ઊભા જુએ તમાસો, તે કોડી નવ પામે જોને!

દેશદાઝની જે ઉર જ્વાળ, તે ભડ ક્યાંથી ભાગે જોને!
રણે ચઢ્યા તે મુક્તિ પામે, દેખનારા દાઝે જોને!

માથા સાટે મોંઘી વસ્તુ, સાંપડવી નહિ સ્હેલ જોને!
મહાપદ પામ્યા તે મરજીવા, મૂકી મનનો મેલ જોને!

રણવાજાં વાગે ને સાચા વીર પડે મયદાન જોને!
ખડા મોરચે પડે ન પાછા, ચૂકે નહિ નિશાન જોને!

એવો મારગ છે શૂરાનો, નહિ કાયરનું કામ જોને!
રણધીરનો એ ધર્મ પુરાણો, કાયર જીવ્યું હરામ જોને!

- કેશવ હ. શેઠ



## આત્મશ્રદ્ધા

દીવાલો દુર્ગની ફાટે તમારા કેદખાનાની,
તૂટે જંજીર લોખંડી તમારી આત્મશ્રદ્ધા તો.
તમારા માર્ગમાં ઊભા પહાડોયે ખસી જાશે,
બિયાબાં માર્ગ દઈ દેશે તમારી આત્મશ્રદ્ધા તો.
ઊતરવા સાત સાગર જો તમારા પથ્થરો તરશે,
વિના નૌકા સફર થાશે તમારી આત્મશ્રદ્ધા તો.
જવું આકાશમાં ધારો, ન વાયુયાન પાસે છે,
વિના પાંખે ઊડી જાશો તમારી આત્મશ્રદ્ધા તો.
થશે વિદ્યુત્ ને વાયુ તમારા દાસ અગ્નિ યે
વરસશે મેહ માગ્યા જો તમારી આત્મશ્રદ્ધા તો.
હજારો રોગની જ્વાળા દવાના બુંદના વિના
બુઝાશે, શાંતિ સિંચાશે તમારી આત્મશ્રદ્ધા તો.
દિગંબર સાધુના ચરણે સિકંદર શાહ નામે છે,
ગળે સૌ ગર્વ ભૂપતિના તમારી આત્મશ્રદ્ધા તો.
જીગરની બાળહઠથી તો વિઠોબા દૂધ પીએ છે,
પ્રકટશે પથ્થરે પ્રભુજી તમારી આત્મશ્રદ્ધા તો.
પ્રભુ પ્રહ્લાદને માટે વસેલા લોહના થંભે,
સદા સાન્નિધ્યમાં રહેશે તમારી આત્મશ્રદ્ધા તો.
મદોન્મત્ત સિંહ ને વ્યાઘ્રો ઋષિના ચર્ણ ચાટે છે;
તજે હિંસારી હિંસાને તમારી આત્મશ્રદ્ધા તો.
ઝરંતા ઝેર ભુજંગો ફણાને છત્ર શી ધરશે,
તજી દે ઝેર કાતિલો તમારી આત્મશ્રદ્ધા તો.
ઊભી રહી હાથ બે જોડી વિજયદેવી ધરી વરમાળ,
તમારે કંઠ આરોપે તમારી આત્મશ્રદ્ધા તો.

- કલ્યાણજી

## તરુણોનું મનોરાજ્ય

ઘટમાં ઘોડાં થનગને, આતમ વીંઝે પાંખ;
અણદીઠેલી ભોમ પર યૌવન માંડે આંખ.

આજ અણદીઠ ભૂમિ તણે કાંઠડે
વિશ્વભરના યુવાનોની આંખો અડે;
પંથ જાણ્યા વિના પ્રાણ ઘોડે ચડે,
ગરુડ-શી પાંખ આતમ વિષે ઊઘડે.

કેસરિયા વાઘા કરી જોબન જુદ્ધે ચડે;
રોકણહારું કોણ છે? કોનાં નેણ રડે?

કોઈ પ્રિયજન તણાં નેણ રડશો નહિ!
યુદ્ધ ચડતાને અપશુકન ધરશો નહિ!
કેસરી વીરના કોડ હરશો નહિ!
મત્ત યૌવન તણી ગોત કરશો નહિ!

રગરગિયાં-રડિયાં ઘણું, પડિયાં સહુને પાય;
લાતો ખાધી, લથડિયાં - એ દિન ચાલ્યા જાય :

લાત ખાવા તણા દિન હવે ચાલિયા,
દર્પભર ડગ દઈ યુવકદળ હાલિયાં;
માગવી આજ મેલી અવરની દયા,
વિશ્વસમરાંગણે તરુણદિન આવિયા.

અણદીઠાંને દેખવા, અણતગ લેવા તાગ,
સતની સીમો લોપવા, જોબન માંડે જાગ :

લોપવી સીમ, અણદીઠને દેખવું,
તાગવો અતલ દરિયાવ-તળિયે દેખવું,
ઘૂમવાં દિગ્દિગંતો, શૂળી પર સૂવું.
આજ યૌવન ચહે એહ વિધ જીવવું.

- ઝવેરચંદ મેઘાણી

## ઘણ રે બોલે ને

ઘણ રે બોલે ને એરણ સાંભળે હો...જી,
બંધુડો બોલે ને બેનડ સાંભળે હો...જી.

એ જી સાંભળે વેદનાની વાત -
વેણે રે વેણે હો સત-ફૂલડાં ઝરે હો...જી.

બહુ દિન ઘડી રે તલવાર,
ઘડી કાંઈ તોપું ને મનવાર;
પાંચ-સાત શૂરાના જયકાર
કાજ ખૂબ ખેલાણા સંહાર;
હો એરણ બેની! - ઘણ રે બોલે ને૦

પોકારે પૃથ્વીના કણ કણ કારમા હો...જી,
પોકારે પાણીડાં પારાવારનાં હો...જી.

જળ-થળ પોકારે થરથરી :
કબરુંની જગ્યા રહી નવ જરી;
ભીંસોભીંસ ખાંભીઉં ખૂબ ભરી,
હાય, તોય તોપું રહી નવ ચરી;
હો એરણ બેની! - ઘણ રે બોલે ને૦

ભઠ્ઠીયું જલે રે બળતા પો'રની હો...જી,
ધમણ્યું ધમે રે ધખતા પો'રની હો...જી.

ખન ખન અંગારે ઓરાણા,
કસબી ને કારીગર ભરખાણા;
ક્રોડ નર જીવંતા બફાણા,
તોય પૂરા રોટા નવ શેકાણા;
હો એરણ બેની! - ઘણ રે બોલે ને૦

હથોડા પડે રે આજ જેના હાથના હો...જી,
તનડાં તૂટે રે આ જેની કાયનાં હો...જી.

સોઈ નર હાંફીને આજ ઊભો,
ઘટડામાં ઘડે એક મનસૂબો;
બાળ મારાં માગે અન્ન કેરી દેગ;
દેવે કોણ - દાતરડું કે તેગ?
હો એરણ બેની! - ઘણ રે બોલે ને૦

આજુથી નવેલાં ઘડતર માંડવાં હો...જી,
ખડ્ગખાંડાંને કણ કણ ખાંડવાં હો...જી.

ખાંડી ખાંડી ઘડો હળ કેરાં સાજ!
ઝીણી રૂડી દાતરડીનાં રાજ
આજ ખંડખંડમાં મંડાય,
એણી પેરે આપણા તેડાં થાય;
હો એરણ બેની! - ઘણ રે બોલે ને૦

ઘડો હો બાળક કેરાં ઘોડિયાં હો...જી,
ઘડો હો વિયાતલ નારના ઢોલિયા હો...જી.



ભાઈ મારા! ગાળીને તોપગોળા
ઘડો સુઈ-મોચીના સંચ બો'ળા;
ઘડો રાંક રેંટુડાની આરો,
ઘડો દેવ-તંબૂરાના તારો;
હો એરણ બેની! - ઘણ રે બોલે ને૦

ભાંગો, હો ભાંગો હો રથ રણજોધના હો...જી,
પાવળડાં ઘડો હો છોરુડાંનો દૂધનાં હો...જી.

ભાઈ મારા લુવારી! ભડ રે'જે,
આજ છેલ્લી વેળાના ઘાવ દેજે;
ઘાયે ઘાયે સંભાર્યે ઘટડામાં,
ક્રોડ ક્રોડ શોષિતો દુનિયાનાં;
હો એરણ બેની! - ઘણ રે બોલે ને૦

- ઝવેરચંદ મેઘાણી

## પગલાં

દરિયાને તીર એક રેતીની ઓટલી
ઊંચી અટૂલી અમે બાંધી જી રે.

પગલું તે એક એક પાડે મહેમાન એમ
રામજીની આણ અમે દીધી જી રે.

પહેલા મહેમાન તમે આવો સૂરજદેવ,
પગલું સોનાનું એક પાડજો જી રે,

પગલામાં નવલખ તારાની ભાત ને
સંધ્યાના રંગ બે'ક માંડજો જી રે.

બીજા મહેમાન તમે આવો પવનદેવ,
પગલું પનોતું એક પાડજો જી રે.

પગલામાં વાત લખો પરીઓના દેશની,
ફૂલડાંની ફોરમ પૂરજો જી રે.

ત્રીજા મહેમાન તમે આવો સમદરદેવ,
પગલું મોતીનું એક પાડજો જી રે.

પગલામાં મહેલ ચણી સાતે પાતાળના,
માણેકના દીવા પ્રગટાવજો જી રે.

ધીરે મહેમાન! જરા ધીરેથી આવજો,
પગલાં તે પાડજો જાળવી જી રે.

જોજો વિલાય ના એ પગલાંની પાંદડી,
બાળુડે ઓટલી બનાવી જી રે.

'સુંદરમ્'



## પરથમ પરણામ મારા

પરથમ પરણામ મારા, માતાજીને કહેજો રે,
માન્યું જેણે માટીને રતન જી;
ભૂખ્યાં રૂહૈ જમાડ્યાં અમને, જાગી ઊંઘાડ્યાં,
એવાં કાયાનાં કીધલાં જતન જી.

બીજા પરણામ મારા, પિતાજીને કહેજો રે,
ઘરથી બતાવી જેણે શેરી જી;
બોલી બોલાવ્યા અમને, દોરી હલાવ્યા ચૌટે,
ડુંગરે દેખાડી ઊંચે દેરી જી.

ત્રીજા પરણામ મારા, ગુરુજીને કહેજો રે,
જડ્યા કે ન જડિયા, તોયે સાચા જી;
એકનેય કહેજો એવા સૌનેય કહેજો,
જે જે અગમનિગમની બોલ્યા વાચા જી.

ચોથા પરણામ મારા, ભેરુઓને કહેજો રે,
જેની સાથે ખેલ્યા જગમાં ખેલ જી;
ખાલીમાં રંગ પૂર્યા, જંગમાં સાથ પૂર્યા,
હસાવી ધોવરાવ્યા અમારા મેલ જી.

પાંચમા પરણામ મારા વેરીડાને કહેજો રે,
પાટુએ ઉઘાડ્યાં અંતર દ્વારા જી;
અજાણ્યા દેખાડ્યા અમને, ઘેરા ઉલેચાવ્યા જેણે,
ઊંડા ઊંડા આતમના અંધાર જી.

છઠ્ઠા પરણામ મારા જીવનસાથીને કહેજો રે,
સંસારતાપે દીધી છાંય જી.
પરણામ વધારે પડે, પરણામ ઓછાયે પડે,
આતમની કહેજો એક સાંઈ જી.

સાતમા પરણામ ઓલ્યા મહાત્માને કહેજો રે,
ઢોરનાં કીધાં જેણે મનેખ જી;
હરવા ફરવાના જેણે મારગ ઉઘાડ્યા રૂડા,
હારોહાર મારી ઊંડી મેખ જી.

- રામનારાયણ પાઠક 'શેષ'



## કસુંબીનો રંગ

લાગ્યો કસુંબીનો રંગ...
રાજ, મને લાગ્યો કસુંબીનો રંગ!

જનનીના હૈયામાં પોઢંતાં પીધો કસુંબીનો રંગ;
ધોળાં ધાવણ કેરી ધારાએ ધારાએ પામ્યો કસુંબીનો રંગ... રાજ૦

બહેનીને કંઠે નીતરતાં હાલરડાંમાં ઘોળ્યો કસુંબીનો રંગ;
ભીષણ રાત્રિ કેરા પહાડોની ત્રાડોએ ચોળ્યો કસુંબીનો રંગ... રાજ૦

દુનિયાના વીરોનાં લીલાં બલિદાનોમાં ભભક્યો કસુંબીનો રંગ
સાગરને પારે સ્વાધીનતાની કબરોમાં મહેક્યો કસુંબીનો રંગ... રાજ૦

ભક્તોના તંબૂરથી ટપકેલો મસ્તીભર ચાખ્યો કસુંબીનો રંગ;
વહાલી દિલદારાના પગની મેંદી પરથી ચૂમ્યો કસુંબીનો રંગ... રાજ૦

નવલી દુનિયા કેરાં સ્વપ્નોમાં કવિઓએ ગાયો કસુંબીનો રંગ;
મુક્તિને ક્યારે નિજ રક્તો રેડણહારે પાયો કસુંબીનો રંગ... રાજ૦

પીડિતની આંસુડાધારે-હાહાકારે રેલ્યો કસુંબીનો રંગ;
શહીદોના ધગધગતા નિઃશ્વાસે નિઃશ્વાસે સળગ્યો કસુંબીનો રંગ... રાજ૦

ધરતીનાં ભૂખ્યાં કંગાલોને ગાલે છલકાયો કસુંબીનો રંગ;
બિસ્મિલ બેટાઓની માતાને ભાલે મલકાયો કસુંબીનો રંગ... રાજ૦

ઘોળી ઘોળી પ્યાલા ભરિયા : 'રંગીલા હો! પીજો કસુંબીનો રંગ;
દોરંગાં દેખીને ડરિયાં : ટેકીલાં હો! લેજો કસુંબીનો રંગ!... રાજ૦

રાજ, મને લાગ્યો કસુંબીનો રંગ...
લાગ્યો કસુંબીનો રંગ!

- ઝવેરચંદ મેઘાણી

# શિવાજીનું હાલરડું

આભમાં ઊગેલ ચાંદલો ને જીજીબાઈને આવ્યાં બાળ,
બાળુડાને માત હિંચોળે :
ધણણણ ડુંગરા બોલે !
શિવાજીને નીંદરું ના'વે :
માતા જીજીબાઈ ઝુલાવે.

પેટમાં પોઢીને સાંભળેલી બાળે રામ-લખમણની વાત,
માતાજીને મુખ જે દીથી,
ઊડી એની ઊંઘ તે દીથી.... શિવાજીને ૦

પોઢજો રે, મારા બાળ! પોઢી લેજો પેટ ભરીને આજ,
કાલે કાળાં જુદ્ધ ખેલાશે :
સૂવાટાણું ક્યાંય ન રે'શે.... શિવાજીને ૦

ધાવજો રે મારાં પેટ! ધાવી લેજો ખૂબ ધ્રપીને આજ,
રે'શે નહિ રણઘેલુડા
ખાવા મૂઠી ધાનની વેળા.... શિવાજીને ૦

પેરી-ઓઢી લેજો પાતળા રે! પીળાં-લાલ પીરોજી ચીર,
કાયા તારી લોહીમાં ના'શે,
ઢાંકણ તે દી ઢાલનું થાશે.... શિવાજીને ૦

ઘૂઘરા, ધાવણી, પોપટ, લાકડી ફેરવી લેજો આજ,
તે દી તો હાથ રે'વાની
રાતી બંબોળ ભવાની.... શિવાજીને ૦



લાલ કંકુ કેરા ચાંદલા ને ભાલે તાણજો કેસર આડ્ય,
તે દી તો સિંદોરિયા થાપા
છાતી માથે ઝીલવા, બાપા!.... શિવાજીને ૦

આજ માતા ચોડે ચૂમિયું રે! બાળા, ઝીલજો બેવડ ગાલ,
તે દી તારાં મોઢડાં માથે
ધુંવાધાર તોપ મંડાશે.... શિવાજીને ૦

આજ માતાજીની ગોદમાં રે, તુંને હૂંફ આવે આઠ પોર,
તે દી કાળી મેઘલી રાતે
વાયુ ટાઢા મોતના વાશે.... શિવાજીને ૦

આજ માતા દેતી પાથરી રે કુણાં ફૂલડાં કેરી સેજ,
તે દી તારી વીર-પથારી
પાથરશે વીશભૂજાળી.... શિવાજીને ૦

આજ માતાજીને ખોળલે રે, તારાં માથડાં ઝોલે જાય,
તે દી તારે શિર ઓશીકાં
મેલાશે તીર બંધૂકાં.... શિવાજીને ૦

સૂઈ લેજે મારા કેસરી રે! તારી હિંદવાણું જોવે વાટ,
જાગી વે'લો આવ બાલુડા!
માને હાથ ભેટ બંધાવા.... શિવાજીને ૦

જાગી વે'લો આવજે વીરા!
ટીલું માના લોહીનું લેવા.
શિવાજીને નીંદરું ના'વે,
માતા જીજીબાઈ ઝુલાવે.

બાળુડાને માત હિંચોળે : ધણણણ ડુંગરા બોલે!

- ઝવેરચંદ મેઘાણી

## તલવારનો વારસદાર

ભેટે ઝૂલે છે તલવાર વીરાજી કેરી, ભેટે ઝૂલે રે.
ભીંતે ઝૂલે છે તલવાર બાપુજી કેરી, ભીંતે ઝૂલે રે.

મારા બાપુને બે'ન! બે બે કુંવરિયા, બે વચ્ચે પાડ્યા છે ભાગ;
હાં રે બે'ની! બે વચ્ચે પાડ્યા છે ભાગ, વીરાજી કેરી ભેટે ઝૂલે રે.

મોટે માગી છે મો'લ મે'લાતો વાડીઓ, નાને માગી છે તલવાર... વીરાજી૦
મોટો મા'લે છે મો'લ મેડીની સાયબી, નાનો ખેલે છે શિકાર... વીરાજી૦
મોટો ચડિયો છે કાંઈ હાથી-અંબાડીએ, નાનેરો ઘોડે અસવાર... વીરાજી૦
મોટો કાઢે છે રોજ કાવા કસૂંબલા, નાનેરો ઘૂમે ઘમસાણ... વીરાજી૦
મોટો પોઢે છે લાલ રંગીલે ઢોલિયે, નાનો ડુંગરડાની ધાર... વીરાજી૦
મોટો મઢાવે વેઢ વીંટી ને હારલા, નાનો સજાવે તલવાર... વીરાજી૦
મોટાને સોહે હીર-જરિયાની આંગડી, નાનાને ગેંડાની ઢાલ... વીરાજી૦
મોટો સંતાય સૂણી શત્રુના રીડિયા, નાનેરો દ્યે છે પડકાર... વીરાજી૦
મોટો ભાગ્યો છે સૈન શત્રુનાં ભાળતાં, નાનેરો ઝીંકે છે ઘાવ... વીરાજી૦
મોટો જીવ્યો છે પાય શત્રુના પૂજતો, નાનેરો સૂતો સંગ્રામ... વીરાજી૦
મોટે રે માડી! તારી કૂખો લજાવી, નાને ઉજાળ્યા અવતાર... વીરાજી૦
મોટાનાં મોત ચાર ડાઘુડે જાણિયાં, નાનાની ખાંભી પુજાય... વીરાજી૦

ભેટે ઝૂલે છે તલવાર વીરાજી કેરી, ભેટે ઝૂલે રે!
ભીંતે ઝૂલે છે તલવાર બાપુજી કેરી, ભીંતે ઝૂલે રે!

- ઝવેરચંદ મેઘાણી



## આઓ બચ્ચોં

આઓ બચ્ચોં, તુમ્હેં દિખાયે ઝાંકી હિન્દુસ્તાન કી;
ઈસ મિટ્ટી સે તિલક કરો યહ ધરતી હૈ બલિદાન કી.
વંદે માતરમ્... (૪)

ઉત્તર મેં રખવાલી કરતા પર્વતરાજ વિરાટ હૈ,
દક્ષિણ મેં ચરણોં કો ધોતા, સાગર કા સમ્રાટ હૈ;
જમનાજી કે તટ કો દેખો, ગંગા કા યહ ઘાટ હૈ,
બાટ-બાટ મેં હાટ-હાટ પર યહાં નિરાલા ઠાઠ હૈ;
દેખો યહ તસ્વીરેં અપની ગૌરવ કી, અભિમાન કી...ઈસ૦

યહ હૈ અપના રાજપૂતાના નાજ ઈસે તલવારોં પે,
ઈસને સારા જીવન કાટા બરછી તીર કટારોં સે;
યહાં પ્રતાપ કા વ્રત પલા હૈ આઝાદી કે નારોં પે,
કૂદ પડી થીં જહાં હજારોં પદ્મિનિયાં અંગારોં પે;
બોલ રહી હૈ કણ-કણ સે કુરબાની રાજસ્થાન કી...ઈસ૦

દેખો મુલ્ક મરાઠોં કા યે યહાં શિવાજી ડોલા થા,
મુગલોં કી તાકત કો ઈસને તલવારોં પે તોલા થા;
હર પથ્થર પર આગ લગી થી, હર પથ્થર ઈક શોલા થા,
બોલી હર-હર મહાદેવ કી બચ્ચા બચ્ચા બોલા થા;
યહીં શિવાજી ને રખી થી લાજ હમારી શાન કી...ઈસ૦

જલિયાંવાલા બાગ યે દેખો યહાં ચલી થી ગોલિયાં,
યે મત પૂછો કિસને ખેલી યહાં ખૂન કી હોલિયાં;
એક તરફ બન્દૂકેં ધન-ધન એક તરફ થીં ટોલિયાં,
મરનેવાલે બોલ રહે થે ઈન્કલાબ કી બોલિયાં;
યહાં લગા દી બહનોંને ભી બાજી અપની જાન કી...ઈસ૦

યે દેખો બંગાલ યહાં કા હર બચ્ચા હરિયાલા હૈ,
યહાં કા બચ્ચા-બચ્ચા અપને દેશ પે મરનેવાલા હૈ;
ઢાલા હૈ ઈસકો બીજલી ને ભૂચાલોં ને પાલા હૈ,
મુઠ્ઠી મેં તૂફાં બંધા હૈ ઔર પ્રાણ મેં જ્વાલા હૈ;
જન્મભૂમિ હૈ યહી હમારે વીર સુભાષ મહાન કી...ઈસ૦

- પ્રદીપજી



# દેશ તો આઝાદ થાતાં થઈ ગયો

દેશ તો આઝાદ થાતાં થઈ ગયો,
તેં શું કર્યું?
દેશ જો બરબાદ થાતાં રહી ગયો,
એ પુણ્ય આગળ આવીને કોનું રહ્યું?
'લાંચરુશવત, ઢીલ, સત્તાદોર, મામામાશીના,
કાળાં બજારો, મોંઘવારી : ના સીમા!'
રોષથી સૌ દોષ ગોખ્યા,
ગાળથી બીજાને પોંખ્યા.
આળ પોતાનેય શિર આવે ન, જો! તેં શું કર્યું?
આપબળ ખર્ચ્યું પૂરણ? જો, દેશના આ ભાગમાં તેં શું ભર્યું?
સ્વાતંત્ર્યની કિંમત ચૂકવવી હર પળે;
સ્વાતંત્ર્યના ગઢ કાંગરા : કરવત ગળે.
ગાફેલ, થા હુશિયાર! તું દિનરાત નિજ સૌભાગ્યને શું નિંદશે?
શી સ્વર્ગદુર્લભ મૃત્તિકાનો પુણ્યમય તુજ પિંડ છે.
હર એક હિંદી હિંદ છે,
હર એક હિંદી હિંદની છે જિંદગી.
હો હિંદ સુરભિત ફુલ્લદલ અરવિંદ : એ સ્વાતંત્ર્યદિનની બંદગી.

- ઉમાશંકર જોશી

## કોઈનો લાડકવાયો

રક્ત ટપકતી સો સો ઝોળી સમરાંગણથી આવે,
કેસરવરણી સમરસેવિકા કોમલ સેજ બિછાવે;

ઘાયલ મરતાં મરતાં રે
માતની આઝાદી ગાવે.

કો'ની વનિતા, કો'ની માતા, ભગિની ટોળે વળતી,
શોણિતભીના પતિ-સુત-વીરની રણશય્યા પર ળતી;

મુખથી ખમા ખમા કરતી
માથે કર મીઠો ધરતી.

થોકે થોકે લોક ઊમટતાં રણજોદ્ધા જોવાને,
શાહબાશીના શબદ બોલતા પ્રત્યેકની પિછાને;

નિજ ગૌરવ કેરે ગાને
જખ્મી જન જાગે અભિમાને.

સહુ સૈનિકનાં વહાલાં જનનો મળિયો જ્યાં સુખમેળો,
છેવાડો ને એકલવાયો અબોલ એક સૂતેલો;

અણપૂછ્યો અણપ્રીછેલો
કોઈનો અજાણ લાડીલો.

એનું શિર ખોળામાં લેવા કોઈ જનેતા ના'વી,
એને સીંચણ તેલ-કચોળાં નવ કોઈ બહેની લાવી;

કોઈના લાડકવાયાની
ન કોઈએ ખબર પુછાવી.



ભાલે એને બચીઓ ભરતી લટો સુંવાળી સૂતી,
સન્મુખ ઝીલ્યા ઘાવો મહીંથી ટપટપ છાતી ચૂતી;

કોઈના લાડકવાયાની
આંખડી અમૃત નીતરતી.

કોઈના એ લાડકવાયાનાં લોચન લોલ બિડાયાં,
આખરની સ્મૃતિનાં બે આંસુ કપોલ પર ઠેરાયાં;

આતમ-દીપક ઓલાયા,
ઓષ્ઠનાં ગુલાબ કરમાયાં.

કોઈના એ લાડકડા પાસે હળવે પગ સંચરજો,
હળવે એના હૈયા ઉપર કર-જોડામણ કરજો;

પાસે ધૂપસળી ધરજો,
કાનમાં પ્રભુપદ ઉચ્ચરજો!

વીખરેલી એ લાડકડાની સમારજો લટ ધીરે,
એને ઓષ્ઠ-કપોલે-ભાલે ધરજો ચુંબન ધીરે;

સહુ માતા ને ભગિની રે!
ગોદ લેજો ધીરે ધીરે!

વાંકડિયાં એ જુલ્ફાંની મગરૂબ હશે કો' માતા,
એ ગાલોની સુધા પીનારા હોઠ હશે બે રાતા;

રે! તમ ચુંબન ચોડાતાં
પામશે લાડકડો શાતા.

એ લાડકડાની પ્રતિમાનાં છાનાં પૂજન કરંતી,
એની રક્ષા કાજ અહર્નિશ પ્રભુને પાયે પડતી;

ઉરની એકાંતે રડતી
વિજોગણ હશે દિનો ગણતી.

કંકાવટીએ આંસુ ઘોળી છેલ્લું તિલક કરંતા,
એને કંઠ વીંટાયા હોશે કર બે કંકણવંતા;

વસમાં વળામણાં દેતા,
બાથ ભીડી બે પળ લેતા.

એની કૂચકદમ જોતી અભિમાનભરી મલકાતી,
જોતી એની રુધિર-છલકતી ગજ ગજ પહોળી છાતી;

અધબીડ્યાં બારણિયાંથી
રડી કો' હશે આંખ રાતી.

એવી કોઈ પ્રિયાનો પ્રીતમ આજ ચિતા પર પોઢે,
એકલડો ને અણબૂઝેલો અગન-પિછોડી ઓઢે;

કોઈના લાડકવાયાને
ચૂમે પાવકજ્વાલા મોઢે.

એની ભસ્માંકિત ભૂમિ પર ચણજો આરસ-ખાંભી,
એ પથ્થર પર કોતરશો નવ કોઈ કવિતા લાંબી;

લખજો : 'ખાક પડી આંહી
કોઈના લાડકવાયાની.'

- ઝવેરચંદ મેઘાણી

(શ્રીમતી લાકોસ્તેના અંગ્રેજી કાવ્ય 'સમબડીઝ ડાર્લિંગ' પરથી)



## મારા દેશને જગાડ!

(રવીન્દ્રનાથ ટાગોરના પ્રખ્યાત કાવ્ય
'Wherever the mind is without fear'નું
ભાવવાહી ભાષાંતર)

- જ્યાં મન ભયરહિત અને મસ્તક ઉન્નત હોય;
- જ્યાં જ્ઞાન મુક્ત હોય; જ્યાંનું જગત ઘરગથ્થુ દીવાલોથી વહેંચાયેલું ન હોય;
- જ્યાં વાણીનું ઉદ્‌ગમસ્થાન, માત્ર સત્ય જ હોય,
- જ્યાં અથાગ પુરુષાર્થ, સંપૂર્ણતાને પામવાનો પ્રયત્ન કરતો હોય;
- જ્યાં વિવેક અને બુદ્ધિનું ઝરણું, રણની સૂકી રેતીમાં, લુપ્ત ન થઈ જતું હોય;
- જ્યાં મન સતત વિશાળ વિચારધારામાં પરોવાયેલું રહેતું હોય;
- એવા સ્વાતંત્ર્યના સ્વર્ગમાં, હે પ્રભુ! મારા રાષ્ટ્રને જગાડ.

## અમારો યુગ નિર્માણ સત્સંકલ્પ

★ શરીરને ભગવાનનું મંદિર સમજી આત્મસંયમ તથા નિયમિતતાથી આરોગ્યનું રક્ષણ કરીશું.

★ મનને કુવિચારો તથા દુર્ભાવનાઓથી બચાવવા માટે સ્વાધ્યાય અને સત્સંગની વ્યવસ્થા રાખીશું.

★ ઇન્દ્રિયસંયમ, અર્થસંયમ, સમયસંયમ અને વિચારસંયમનો સતત અભ્યાસ કરીશું.

★ હું પોતાને સમાજનું એક અભિન્ન અંગ સમજીશ અને બધાના હિતમાં પોતાનું હિત સમજીશ.

★ ચારે તરફ મધુરતા, સ્વચ્છતા, સાદાઈ અને સજ્જનતાનું વાતાવરણ અપનાવીશું.

★ માણસના મૂલ્યાંકનની કસોટી તેની સફળતાઓ, યોગ્યતાઓ અને વિભૂતિઓને નહિ, પરંતુ તેના સદ્‌વિચારો અને સત્કર્મો દ્વારા કરીશું.

★ બીજાની સાથે એવો વ્યવહાર નહીં કરું, જે મને પોતાને પસંદ નથી.

★ રાષ્ટ્રીય એકતા અને સમતા પ્રત્યે નિષ્ઠાવાન રહીશ, તથા જાતિ-ભાષા, પ્રાંત સંપ્રદાયના કારણે પરસ્પર કોઈ ભેદભાવપૂર્ણ વર્તન કરીશ નહીં.

★ "માણસ પોતે જ પોતાનો ભાગ્ય વિધાતા છે" આ વિશ્વાસના આધારે અમારી માન્યતા છે કે અમે ઉત્કૃષ્ટ બનીશું અને બીજાને શ્રેષ્ઠ બનાવીશું તો યુગ અવશ્ય બદલાશે.

★ અમે બદલાઈશું - યુગ બદલાશે, અમે સુધરીશું - યુગ સુધરશે. આ કથન પર અમારો પરિપૂર્ણ વિશ્વાસ છે.

(ગાયત્રી તપોભૂમિ દ્વારા પ્રકાશિત બાળ નિર્માણ વાર્તાઓમાંથી)



## પ્રિય સર્વ વિદ્યાલય સોહે!

પ્રિય સર્વ વિદ્યાલય સોહે
પ્રાણથકી પ્રિય અમ અંતરનું
પરમ ધામ ઉર રાજે....
પ્રિય સર્વ વિદ્યાલય સોહે

લીલુડી ધરણીને હૈયે,
નીલ વ્યોમામ્બરને છાયે,
હૈયે હૈયાં જ્યાં ડોલે,
પ્રતિદિન નિરખીએ તોયે અમને
નિત્ય નૂતન એ ભાસે... ... ...પ્રિય૦

રસભર આંબાની ડાળે,
શીતળ સુરભિભર કુંજે,
જ્યાં પંખીડાં નિત કૂજે,
જ્યાં અરુણરંગી પરભાતતણા ને
સાન્ધ્યરંગ નિત સોહે... ... પ્રિય૦

જ્યાં જ્ઞાનકિરણ ફૂટે છે,
સેવાનાં સૂત્ર શિખાવે,
અમ જીવનને અજવાળે,
અમ જીવન તન મનને વિકસાવે
સ્નેહસરિતા રેલાવે... ... ...પ્રિય૦

અમ બેન બંધુને હૈયે,
વિદ્યાલય ગુંજે પ્રાણે,
અમ જીવન જીવન એ વ્યાપે,
અમ ભાઈ ભાઈને એકમને એ
સ્નેહસૂત્રથી બાંધે... ... ...પ્રિય૦

- સ્વ. ઉમેદભાઈ

## સર્વ વિદ્યાલય રાજે!

સુંદર સર્વ વિદ્યાલય રાજે!
શિશુ-અંતર જનની-દર્શનથી
સુખ ભરતી ગાજે... ... .... સુંદર

ભારત-ઉપવન કમનીય કુંજે, ગુર્જર ભોમ પ્રકાશે,
ઉત્તરમાં ત્યાં એક ક્યારડે, વિધવિધ ફૂલડાં હાસે...સુંદર

કૈંક ઝરણના કલકલનાદે સરિતા સાગર ગાજે,
એ સાગરના ગર્જનઘોષે ઝરણની કિંકિણી બાજે...સુંદર

આ મનના કણકણમાં બીજના અંકુર કુમળા હાસે,
સુરભિત કુસુમિત નવપલ્લવ આ ઘટા અડાબીડ ભાસે...સુંદર

આ જ કુટિરમાં ટમટમતો જ્યાં દીપક મંદ પ્રકાશે,
અગણિત તારક અંકિત સૌમ્ય મયંક ગગન વિહાસે...સુંદર

શાન્ત દાન્ત જીવનની ધાત્રી, ધીરવીર રસ પાજે,
જ્ઞાનશક્તિ ને મંગલદાત્રી, યાત્રી અમ સહુ આજે...સુંદર

કુલ-પરિમલથી, કલકલનાદે, નવપલ્લવને વાસે,
તારક તેજે ભરતભૂમિને પુલકિત કરશું હાસે...સુંદર

- અનામી



## હો શત શત પ્રણામ!

આ સર્વ વિદ્યાલય,
એ કોઈ નગર, મહાનગરમાં
વિદ્યાવિક્રય કરતી
લોખંડ સિમેન્ટ - કોન્ક્રીટની બનેલી
નિષ્પ્રાણ
ઈમારત નથી.
આ જ્ઞાનાશ્રમ છે
એક કૃષિ-ઋષિના સપનાનો.
ઘેઘૂર ગરવો
કબીરવડ છે,
જ્ઞાનવડ છે.
અથવા તો-
આ ખરતા ખખડતા ખાખરાઓના -
ધૂળમાં ઊડતા - આથડતા
ગોટમોટતા વેરાન - ટપ્પામાં પડેલો - જડેલો
પારસમણિ છે - જ્ઞાનમણિ છે.
જેના સ્પર્શમાત્રથી બની છે કડી
સોનાની દડી.
આ સંસ્થા એટલે-
વૃક્ષોનાં નિબિડ ઝૂંડ વચ્ચે ટોળે વળી ઊભેલાં

નિર્જીવ તોતીંગ મકાનોનો સરવાળો-ગુણાકાર નથી.
આ તો છે
પરંપરિત
જ્ઞાનગંભીર આચાર્યમનીષિઓની
તેજસ્વિની તપોભૂમિ
કર્મભૂમિ.
હે સર્વ-બાંધવો, મિત્રો,
આ સંસ્થા આપણે સૌને માટે
વિદ્યાનું આલય માત્ર નથી,
આ તો આપણી સર્વની વાત્સલ્યમયી
જનની છે જનની!
જેણે આપણો પુનર્જન્મ કરાવ્યો છે,
જનમફેરો સાર્થક બનાવ્યો છે.
આપણા સૌના હૈયે કોતરાયું છે એનું જ નામ!
આ જ્ઞાનદાત્રીને હો શત શત પ્રણામ!!

- રમેશ ત્રિવેદી

# વન્દે માતરમ્

વન્દે માતરમ્
સુજલામ્ સુફલામ્ મલયજશીતલામ્
સશ્યશ્યામલાં માતરમ્, વન્દે માતરમ્
શુભ્રજ્યોત્સ્નામ્, પુલકિતયામિનીમ્
ફુલ્લ કુસુમિત.... - દ્રુમદલ....શોભિનીમ્
સુહાસિનીમ્ સુમધુર... ભાષિણીમ્
સુખદામ્... વરદામ્... માતરમ્... વન્દે માતરમ્.

# રાષ્ટ્રગીત

જનગણમન અધિનાયક જય હે ભારત ભાગ્ય વિધાતા.
પંજાબ સિંધ ગુજરાત મરાઠા, દ્રાવિડ ઉત્કલ બંગ,
વિંધ્ય હિમાચલ યમુના ગંગા ઉચ્છલ જલધિતરંગ.
તવ શુભ નામે જાગે, તવ શુભ આશિષ માગે,
ગાયે તવ જયગાથા.
જનગણ મંગલદાયક જય હે ભારત ભાગ્યવિધાતા,
જય હે, જય હે, જય હે, જય જય જય જય હે!